


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 150
Dt.: 06-04-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### IAEAની પણ ચેતવણી

# ઈરાનના ન્યુક્લિયર પ્લાન્ટ નજીક હુમલાથી ફફડાટ! રશિયાના એન્જિનિયરોએ ભાગવું પડ્યું

## અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત સૈન્ય દળોએ ઈરાનના મહત્વના ગણાતા બુશેહર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ નજીકના વિસ્તારોને નિશાન બનાવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ હવે અત્યંત જોખમી વળાંક પર પહોંચી ગયું છે. અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત સૈન્ય દળોએ ઈરાનના મહત્વના ગણાતા બુશેહર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ નજીકના વિસ્તારોને નિશાન બનાવ્યા છે. આ હુમલામાં પ્રોજેક્ટાઈલના ટુકડા વાગવાથી એક સુરક્ષાકર્મીનું મોત નીપજ્યું હોવાની પુષ્ટિ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) દ્વારા કરવામાં આવી છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ દાવો કર્યો છે કે, ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં બુશેહર ફેસિલિટી પર ૪ વખત બોમ્બમારો કરવામાં આવ્યો છે.

જોકે, IAEA એ રાહતના સમાચાર આપતા જણાવ્યું છે કે, હુમલા બાદ વિસ્તારમાં રેડિયેશનના સ્તરમાં કોઈ વધારો નોંધાયો નથી. પ્લાન્ટના મુખ્ય હિસ્સા સુરક્ષિત છે, પરંતુ સાધનો ધરાવતી ઓક્સિલરી બિલ્ડિંગને નુકસાન થયું છે.

આ હુમલા બાદ રશિયાની સરકારી ન્યુક્લિયર કંપની રોસાટોમે પ્લાન્ટમાં કામ કરી રહેલા ૧૯૮ રશિયન સ્ટાફ મેમ્બર્સને તાત્કાલિક અસરથી બસો દ્વારા ઈરાન-આર્મેનિયા સરહદ તરફ રવાના કરી દીધા છે. રોસાટોમના વડા એલેક્સી લિખાચેવે જણાવ્યું હતું કે, હુમલાના ૨૦ મિનિટ બાદ જ આ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. માત્ર ન્યુક્લિયર પ્લાન્ટ જ નહીં, પરંતુ ઈરાનના ઉર્જા હબ ગણાતા ખુઝેસ્તાન પ્રાંતમાં પણ અનેક પેટ્રોકેમિકલ પ્લાન્ટ્સ પર મિસાઈલ હુમલા કરવામાં આવ્યા છે. મહશહર પેટ્રોકેમિકલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં ભીષણ વિસ્ફોટો અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

બંદર ઈમામ પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ અને ફજર ૧ અને ૨ જેવી કંપનીઓને ભારે નુકસાન પહોંચ્યું છે. આ હુમલાઓમાં આશરે ૫ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે, તેણે સેન્ટ્રલ ઈસ્ફાહાન પ્રાંતમાં અમેરિકાનું એક સ્ઊ-૧ ડ્રોન તોડી પાડ્યું છે. આ ઉપરાંત, ઈરાની સત્તાવાળાઓએ બે અમેરિકન યુદ્ધ વિમાનોને પણ પાછા ખસેડવાની ફરજ પાડી હોવાનું જણાવ્યું છે. IAEA ના ડાયરેક્ટર જનરલ રાફેલ ગ્રોસીએ આ ઘટના અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ન્યુક્લિયર સાઈટ્સ કે તેની આસપાસના વિસ્તારો પર ક્યારેય હુમલો ન થવો જોઈએ. પરમાણુ અકસ્માતનું જોખમ ટાળવા માટે તમામ પક્ષોએ મહત્તમ સંયમ રાખવો જરૂરી છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેહરાનમાં થયેલા એક મોટા હુમલામાં ઈરાનના ઘણા ટોચના લશ્કરી નેતાઓ માર્યા ગયા છે. તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘણા ટોચના ઈરાની કમાન્ડરોને માર્યા ગયા છે. આ સાથે તેમણે એક વિડીયો ક્લિપ પણ શેર કરી જેમાં મોટા વિસ્ફોટો અને વિમાનોના અવાજો સંભળાય છે. રાષ્ટ્રપતિએ આ હુમલાના સમય અંગે વધુ કોઈ વિગતો આપી નથી.

ટ્રમ્પે ઈરાનના લશ્કરી નેતાઓનો ઉલ્લેખ કરતી વખતે ચોક્કસ કયા વ્યક્તિઓનો ઉલ્લેખ કરી રહ્યા હતા તે સ્પષ્ટ કર્યુ નથી.

ટ્રમ્પે એવા સમયે હુમલા વિશે માહિતી જાહેર કરી હતી, જ્યારે ઈરાન પર હુમલા અંગે ૧૦ દિવસનો અલ્ટીમેટમ સમાપ્ત થવાના આરે છે. આ શનિવારે જ ટ્રમ્પે કહ્યું હતું કે ફક્ત ૪૮ કલાક બાકી છે, ચેતવણી આપી હતી કે જો હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં નહીં આવે, તો અમેરિકા ઈરાન પર વિનાશ વેરશે.

ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર લખ્યું કે ઈરાનના ઘણા લશ્કરી નેતાઓ જેમણે અત્યંત અસમર્થતા અને મૂર્ખાઈ સાથે દેશનું નેતૃત્વ કર્યું હતું, તેહરાનમાં કરવામાં આવેલા આ મોટા હુમલામાં માર્યા ગયા છે.

જો કે, વ્હાઈટ હાઉસે હજુ સુધી જે અહેવાલ મુજબ માર્યા ગયા છે તે લશ્કરી નેતાઓની કોઈ યાદી જાહેર કરી નથી, જો ટ્રમ્પનો દાવો સાચો સાબિત થાય છે, તો તે ૨૮ ફેબ્રુઆરીના રોજ યુદ્ધ શરૂ થયા પછી ઈરાની શાસન માટે બીજો મોટો ફટકો હશે.

### સોમવારે શેરમાં જોવા મળી શકે અસર

# ટાટાની કંપનીને મળી ૧,૭૫૫ કરોડ રૂપિયાની ડિમાન્ડ નોટિસ

## કંપનીએ FY 2000-01થી FY 2006-07ની વચ્ચે નક્કી મર્યાદાથી વધારે ૧,૬૨,૪૦,૩૯૯ મેટ્રિક ટન ખનિજ કોલસો નીકાળ્યાનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટાટા ગ્રુપની કંપની ટાટા સ્ટીલને ૧,૭૫૫.૧૦ કરોડ રૂપિયાની ડિમાન્ડ નોટિસ મળી છે. આ નોટિસ વધારે કોલસા ખાણકામ સંબંધિત છે. કાલે ૬ એપ્રિલના રોજ શેરબજાર ખુલતા જ આ કંપનીના શેર પર આ ખબરની અસર જોવા મળી શકે છે. જો કે, કંપનીએ આ ડિમાન્ડને વિવાદિત જણાવી છે. આવો વિગતમાં જાણીએ. ટાટા સ્ટીલ લિમિટેડે હાલમાં જ ઝારખંડના રામગઢ સ્થિત ડિસ્ટ્રિક્ટ માઈનિંગ ઓફિસથી ૧,૭૫૫.૧૦ કરોડ રૂપિયાની ડિમાન્ડ નોટિસ મળી છે. આ નોટિસ કંપનીની West Bkoaro Collieryમાં કથિત રૂપથી વધારે કોલસા ખાણકામ સંબંધિત છે. આ નોટિસ ૩૦ માર્ચ ૨૦૨૬ની છે અને કંપનીને ૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ પ્રાપ્ત થઈ. આમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, કંપનીએ FY ૨૦૦૦-૦૧થી FY ૨૦૦૬-૦૭ની વચ્ચે નક્કી મર્યાદાથી વધારે લગભગ ૧,૬૨,૪૦,૩૯૯ મેટ્રિક ટન ખનિજ કોલસો નીકાળ્યો છે. આ માંગણી સુપ્રીમ કોર્ટ દ્વારા કોમન કોઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયામાં દર્શાવેલ આધારો પર આધારિત છે, જેમાં ગેરકાયદેસર ખાણકામ અને વધારાના ઉત્પાદન સંબંધિત મુદ્દાઓનો સમાવેશ થાય છે. કથિત વધારાના ઉત્પાદનને કારણે માંગવામાં આવેલી કુલ રકમ રૂ.૧,૭૫૫,૧૦,૫૪,૦૨૯ છે.

કંપનીએ શું કહ્યું?- કંપનીએ તેની એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, ટાટા સ્ટીલ લિમિટેડને ૩૦ માર્ચ, ૨૦૨૬ના રોજ ઝારખંડના રામગઢ જિલ્લા ખાણ કાર્યાલય (DMO) દ્વારા જારી કરાયેલ ડિમાન્ડ નોટિસ મળી છે. તેમાં આરોપ છે કે, કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૦૦-૦૧થી નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન West Bkoaro Collieryમાંથી નિર્ધારિત મર્યાદા કરતાં આશરે ૧,૬૨,૪૦,૩૯૯ મેટ્રિક ટન ખનિજ કોલસો કાઢ્યો હતો. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે, આ ડિમાન્ડ નોટિસ સુપ્રીમ કોર્ટના કોમન કોઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા કેસ (૨૦૧૪ ના WPC નં. ૧૧૪)માં ઉલ્લેખિત આધાર પર DMO દ્વારા જારી કરવામાં આવી છે. કથિત વધારાના ઉત્પાદનને કારણે કુલ ૧૭૫૫,૧૦,૫૪,૦૨૯ રૂપિયાની માંગ કરવામાં આવી છે. કંપનીએ આ ડિમાન્ડને વિવાદિત જણાવી છે. કંપનીના અનુસાર, આ માંગ યોગ્ય આધાર અને ઠોસ કારણ રહિત છે. ટાટા સ્ટીલે કહ્યું કે, તે આ ડિમાન્ડને પડકાર આપવા માટે યોગ્ય ન્યાયિક અથવા અર્ધ-ન્યાયિક મંચોમાં કાનૂની ઉપાયો અપનાવશે. ટાટા સ્ટીલ શેર પ્રાઈસની વાત કરીએ તો તે હાલ ૧૯૩.૫૦ રૂપિયા પર છે. ૫ દિવસોમાં આમાં ૦.૭૪ ટકા અને ૧ મહિનામાં ૩.૫૨ ટકા ઘટાડો આવ્યો છે, જ્યારે ૬ મહિનામાં શેર ૧૩.૭૮ ટકા વધ્યા છે.

### ઈરાનમાં ભીષણ ગોળીબાર વચ્ચે રેસ્ક્યૂ

# મોતના મુખમાંથી પાયલટને બચાવી લાવી અમેરિકી આર્મી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકી F-15 લડાયક વિમાનના લાપતા ક્રૂ મેમ્બરને ઈરાનમાં ભારે ગોળીબાર વચ્ચે અમેરિકી સેનાએ બચાવી લીધો છે. આ અંગે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, "અમેરિકી સેનાએ વિશ્વના સૌથી ઘાતક હથિયારોથી સજ્જ ડઝનબંધ વિમાનો તેમને પાછા લાવવા માટે મોકલ્યા હતા." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "અમેરિકી સેનાએ પોતાના એક અસાધારણ ક્રૂ મેમ્બર માટે અમેરિકી ઈતિહાસના સૌથી સાહસિક સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશનોમાંના એકને અંજામ આપ્યો છે." બચાવ અભિયાન વિશે માહિતી આપતા ટ્રમ્પે કહ્યું, "મારા પ્રિય અમેરિકી નાગરિકો, છેલ્લા કેટલાક કલાકોમાં અમેરિકી સેનાએ પોતાના એક અસાધારણ ક્રૂ સભ્ય અધિકારી, જેઓ એક સન્માનિત કર્નલ પણ છે, તેમના માટે અમેરિકી ઈતિહાસના સૌથી હિંમતભર્યા બચાવ અભિયાનને સફળ બનાવ્યું છે."

ટ્રમ્પે કહ્યું કે મને તમને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે હવે તેઓ સુરક્ષિત છે. આ બહાદુર યોદ્ધા ઈરાનના દુર્ગમ પહાડોમાં હતા, જ્યાં દુશ્મનો તેમનો પીછો કરી રહ્યા હતા અને દર કલાકે તેમની નજીક આવી રહ્યા હતા, પરંતુ તેઓ ક્યારેય સંપૂર્ણપણે એકલા નહોતા કારણ કે તેમના કમાન્ડર ઈન ચીફ, યુદ્ધ સચિવ, સંયુક્ત ચીફ ઓફ સ્ટાફના અધ્યક્ષ અને સાથી સૈનિકો ચોવીસે કલાક સ્થિતિ પર નજર રાખી રહ્યા હતા અને તેમને બચાવવા માટે જીવ રેડી રહ્યા હતા. હકીકતમાં, શુક્રવારે (૩ એપ્રિલ) કુવૈત ઉપર ઉડી રહેલા અમેરિકી એરક્રાફ્ટને ઈરાને નિશાન બનાવ્યું હતું, જે ક્રેશ થઈ ગયું હતું. જોકે તેનો પાયલોટ સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યો હતો, જ્યારે બીજો પાયલોટ લાપતા થયો હતો અને તે ઈરાનમાં પડ્યો હોવાના અહેવાલ હતા. ઈરાનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં લાપતા અમેરિકી પાયલોટને માત્ર અમેરિકી સેના જ નહોતી શોધી રહી, પરંતુ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ પણ આખા વિસ્તારની ઘેરાબંધી કરીને મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. IRGC એ પાયલોટને શોધવા માટે સૈનિકો ઉપરાંત સ્થાનિક લોકોને પણ અપીલ કરી હતી અને પાયલોટને જીવતો પકડવા પર લગભગ ૬૦,૦૦૦ ડોલરથી વધુનું ઈનામ રાખ્યું હતું.

### ૪ લોકોના દર્દનાક મોત, ૧૮ને બચાવાયા

# હિમાચલમાં ૨૨ મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી

(સંપૂર્ણ સમાચાર સેવા)કુલ્લુ




હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં પ્રવાસીઓ માટે રવિવાર અમંગળ સાબિત થઈ છે. બંજર પોલીસ સ્ટેશનની હદમાં આવતા સોઝા નજીક ૨૨ મુસાફરોને લઈ જતી એક બસ પર્વતીય રસ્તા પરથી કાબુ ગુમાવતા ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે ૧૮ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. અહેવાલો અનુસાર, પ્રવાસીઓથી ભરેલી આ બસ સોઝા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે વળાંક પર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને બસ સીધી કોતરમાં ખાબકી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસ પલટી મારી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક રહીશો મદદ માટે દોડી આવ્યા હતા અને DDMA કુલ્લુ તેમજ પોલીસની ટીમોને જાણ કરી હતી. પોલીસ, મહેસૂલ વિભાગ, ફાયર બ્રિગેડ અને આરોગ્ય વિભાગની ટીમોએ સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી ૧૮ ઈજાગ્રસ્તોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. કુલ્લુના ડેપ્યુટી કમિશનર અનુરાગ ચંદ્રાએ આ અકસ્માતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, દુર્ઘટનામાં ૪ લોકોના મોત થયા છે, જેમાં ૨ પુરુષ અને ૨ મહિલાઓનો સમાવેશ થાય છે. બચાવી લેવામાં આવેલા તમામ ૧૮ મુસાફરોને તાત્કાલિક બંજરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તબીબોની ટીમ દ્વારા તેમની દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલમાં તમામ ઈજાગ્રસ્તો ખતરાથી બહાર હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતે ફરી એકવાર પહાડી વિસ્તારોમાં મુસાફરી કરતા પ્રવાસીઓની સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક રહેવાસીઓ અને વહીવટી તંત્રની તત્પરતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી. વહીવટી તંત્ર દ્વારા હાલ મૃતકોના પરિવારજનોનો સંપર્ક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને અકસ્માતના ચોક્કસ કારણો જાણવા તપાસ શરૂ કરી છે.

### ભારતીય વાયુસેનાની વધશે તાકાત

# અમેરિકન માર્ક-૮૪ને ટક્કર આપશે ભારતના ૧૦૦૦ કિલોના સ્વદેશી બોમ્બ

## સંરક્ષણ મંત્રાલયે આ સ્વદેશી બોમ્બો માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ એટલે EOI જાહેર કરી દીધું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય સંરક્ષણ મંત્રાલયે વાયુસેના માટે ૧૦૦૦ કિલોગ્રામ વજનના અત્યાધુનિક એરિયલ બોમ્બના નિર્માણ માટે સ્વદેશી ડિઝાઈન અને વિકાસ પ્રક્રિયાને વેગ આપ્યો છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય સંરક્ષણ ક્ષેત્રે વિદેશી નિર્ભરતા ઘટાડવાનો અને મેક ઈન ઈન્ડિયા અભિયાનને મજબૂત કરવાનો છે. આ બોમ્બ સંપૂર્ણપણે ભારતમાં જ ડિઝાઈન અને ડેવલપ કરવામાં આવશે, જે ભારતીય વાયુસેનાના લડાયક વિમાનોની સંહારક ક્ષમતામાં મોટો વધારો કરશે.

આ નવો સ્વદેશી બોમ્બ અમેરિકાના પ્રખ્યાત માર્ક-૮૪ (MK-84) બોમ્બની સમકક્ષ માનવામાં આવે છે. MK-84 તેની વિનાશક ક્ષમતા માટે જાણીતું છે, જેનો ઉપયોગ મોટા બંકરો અને મજબૂત સૈન્ય માળખાઓને તોડી પાડવા માટે થાય છે. તે ૯૦૭ કિલો વિસ્ફોટક લઈ જઈ શકે છે. તેનો મતલબ છે કે બોમ્બ દુશ્મનના મોટા-મોટા ટાર્ગેટને સંપૂર્ણ રીતે નષ્ટ કરી શકે છે. ભારત દ્વારા તૈયાર કરવામાં આવી રહેલો આ ૧૦૦૦ કિલોનો બોમ્બ પણ દુશ્મનના મોટા ટાર્ગેટ અને રણનીતિક ઠેકાણાઓને પલવારમાં નેસ્તનાબૂદ કરવાની શક્તિ ધરાવશે.

સંરક્ષણ મંત્રાલયે આ સ્વદેશી બોમ્બો માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ એટલે EOI જાહેર કરી દીધું છે. જે હેઠળ ૬૦૦ એવા ૧૦૦૦ કિલોના હવાઈ બોમ્બ બનાવવામાં આવશે અને ખરીદવામાં આવશે. તેની સાથે ટેલ યુનિટ એટલે પૂંછ વાળા ભાગ અને બીજા જરૂરી ઉપકરણ પણ સામેલ હશે.

આ સંપૂર્ણ પ્રોજેક્ટ બાય ઈન્ડિયન કેટેગરીમાં ચાલશે એટલે તમામ ભારતમાં જ બનશે. તેનાથી ભારતયી કંપનીઓ આગળ વધશે અને દેશની રક્ષા વ્યવસ્થા મજૂબત થશે.

આ નવી હવાઈ બોમ્બ ઓટોમેટિક ટુકડામાં વહેંચાઈને ફેલાઈ જશે. આ ઉચ્ચ કેલિબરના હથિયાર છે જે ખુબ જ ઝડપી વિસ્ફોટ પેદા કરે છે. દુશ્મનના ટાર્ગેટ પર સંપૂર્ણ પ્રભાવ પાડે છે. આ બોમ્બ રશિયન અને પશ્ચિમી બંને પ્રકારના વિમાનો પર લગાવાઈ શકશે જે ભારતીય વાયુ સેના પાસે છે. અત્યાર સુધી ભારતીય વાયુ સેના આવા એમકે-૮૪ ક્લાસના બોમ્બ વિદેશી કંપનીઓ પાસેથી ખરીદતી હતી. હવે સ્વદેશી બોમ્બ આવવાથી વાયુ સેનાને વધુ વિશ્વાસ થશે અને લોજિસ્ટિક્સ પણ સરળ થશે. આ બોમ્બ દુશ્મનના ઠેકાણાઓ, પુલો, રનવે અને ગોડાઉનોને એક ઝટકામાં નષ્ટ કરી શકે છે.

આ બોમ્બના આગમનથી સુખોઈ-૩૦ MKI જેવા ભારતના શક્તિશાળી ફાઈટર જેટ્સની તાકાત અનેકગણી વધી જશે. હાલમાં ભારત આવા ભારે બોમ્બ માટે અન્ય દેશો પર નિર્ભર રહેવું પડે છે, પરંતુ આ પ્રોજેક્ટ સફળ થતા ભારત આ ક્ષેત્રમાં પણ આત્મનિર્ભર બનશે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ બોમ્બ માત્ર આર્થિક રીતે સસ્તો જ નહીં હોય, પરંતુ તે ભારતીય પરિસ્થિતિઓ અને વાયુસેનાની જરૂરિયાતો મુજબ વધુ સચોટ સાબિત થશે.

# અફઘાનિસ્તાનમાં આકાશી આફત,૧૦ દિવસમાં ૭૭ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કાબુલ

યુદ્ધ અને આર્થિક સંકટથી ઘેરાયેલા અફઘાનિસ્તાન પર હવે કુદરતી આફત તૂટી પડી છે. છેલ્લા ૧૦ દિવસથી પડી રહેલા અતિભારે વરસાદ, તોફાન અને ભૂસ્ખલનને કારણે સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. અફઘાનિસ્તાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, આ આફતમાં અત્યાર સુધીમાં ૭૭ લોકોના મોત થયા છે અને ૧૩૭થી વધુ લોકો ઘાયલ થયા છે.

ભારે વરસાદને કારણે આવેલા પૂર અને લેન્ડસ્લાઈડમાં અત્યાર સુધીમાં ૭૯૩ મકાનો સંપૂર્ણપણે ધરાશાયી થયા છે. જ્યારે ૨,૬૭૩ મકાનોને અંશતઃ નુકસાન પહોંચ્યું છે. આ આફતથી અંદાજે ૫,૮૦૦ પરિવારો પ્રભાવિત થયા છે. રહેણાંક મકાનો ઉપરાંત કૃષિ જમીન, પાણીના કુવાઓ અને સિંચાઈ નહેરોને પણ ભારે નુકસાન થતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ભૂસ્ખલન અને પથ્થરો ધસી પડવાને કારણે અફઘાનિસ્તાનના મહત્વના હાઈવે બંધ થઈ ગયા છે. કાબુલ-જલાલાબાદ હાઈવેઃ પાકિસ્તાન સરહદને જોડતો આ મુખ્ય રસ્તો બંધ થતા વાહનવ્યવહાર ઠપ થયો છે. હિન્દુ કુશ પર્વતમાળામાં આવેલો સાલંગ પાસ બંધ થવાથી કાબુલનો ઉત્તરીય શહેરો (કુંદુઝ અને મઝાર-એ-શરીફ) સાથેનો સંપર્ક તૂટી ગયો છે. મુસાફરોને લાંબા અને મુશ્કેલ ડાયવર્ઝન લેવાની ફરજ પડી રહી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ આગામી દિવસોમાં પણ વધુ વરસાદ અને તોફાનની આગાહી કરી છે. લોકોને નદી કિનારા અને પૂરની સંભાવના ધરાવતા વિસ્તારોથી દૂર રહેવા કડક સૂચના આપવામાં આવી છે.




# તંત્રી લેખ......

## ચૂંટણી પહેલા સ્ટાલિનનો હિન્દી વિરોધી વાણીભાષણ ફરી જાગ્યો

આશ્ચર્યજનક નથી કે જેમ જેમ તમિલનાડુ વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે, મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને તેમના જૂના અને વિભાજનકારી હિન્દી વિરોધી વાણીભાષણને ફરીથી જાગૃત કર્યા છે. તેમણે તેમના જૂના આરોપનો પુનરોચ્ચાર કર્યો કે કેન્દ્ર સરકાર નવી શિક્ષણ નીતિ હેઠળ તમિલનાડુમાં હિન્દી લાદવા માંગે છે. તે સ્પષ્ટ છે કે તેમણે ચૂંટણી પહેલા જાહેર લાગણી ઉશ્કેરવા માટે જાણી જોઈને હિન્દી લાદવાનો આરોપ ઉઠાવ્યો છે.

આ વાત સમજીને, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને તેમનો ખુલાસો કર્યો કે તેઓ પોતાની રાજકીય નિષ્ફળતાઓ છુપાવવા માટે હિન્દી ભાષા લાદવાના કથાનો ઉપયોગ કરી રહ્યા છે અને ઈરાદાપૂર્વક ત્રણ ભાષાના સૂત્રનું ખોટું અર્થઘટન કરી રહ્યા છે. સ્ટાલિન ખરેખર એવું જ કરી રહ્યા છે, કારણ કે નવી શિક્ષણ નીતિના ત્રણ ભાષાના સૂત્રમાં હિન્દીને ફરજિયાત બનાવવામાં આવી ન હતી.

તમિલનાડુમાં, તમિલ ઓળખના નામે હિન્દી વિરોધી ભાવના ઊંડા મૂળ ધરાવે છે. કારણ કે આ મૂળિયાં ઈરાદાપૂર્વક સંકુચિત રાજકીય કારણોસર પોષવામાં આવી હતી, તેથી એક સમયે હિન્દી વિરોધીના નામે હિંસા પણ ફાટી નીકળી હતી.

જોકે તમિલનાડુના લોકોમાં હિન્દી વિરોધી ભાવના સમય જતાં ઓછી થઈ ગઈ છે, કેટલાક પક્ષો, ખાસ કરીને ડીએમકે, સંકુચિત રાજકીય હિતો માટે સમયાંતરે તેને ઉશ્કેરવાનું ચાલુ રાખે છે. આ તમાશો હવે ચાલુ રહેશે નહીં, કારણ કે તમિલનાડુ અને અન્ય બિન-હિન્દી ભાષી રાજ્યોના લોકો હિન્દીની સંભાવના અને ઉપયોગીતાથી સારી રીતે વાકેફ છે અને સ્વેચ્છાએ તેને અપનાવી રહ્યા છે. આ દેશમાં સૌથી અસરકારક લિંક ભાષા તરીકે હિન્દીના વિકાસને કારણે છે.

હિન્દી એ દોરો છે જે બધી ભારતીય ભાષાઓને ગૂંથે છે. હિન્દીમાં કોઈ ભાષા સાથે કોઈ દુશ્મનાવટ કે વિરોધ નથી. તે બધી ભારતીય ભાષાઓનો મિત્ર અને સાથી છે. તે રાષ્ટ્રીય એકતાનું સાધન પણ છે. દેશના દરેક ભાગના લોકો, તમિલનાડુમાં પણ, હિન્દી સમજે છે અને તેનું મહત્વ સમજી રહ્યા છે. સ્ટાલિન સસ્તા વોટબેંક રાજકારણ દ્વારા પોતાના લોકોને છેતરવાનો ગમે તેટલો પ્રયાસ કરે, પણ હકીકત એ છે કે તમિલનાડુમાં હિન્દી ભાષી કામદારોની સંખ્યા મોટી છે.

તેમના ઘણા માલિકો તેમની સાથે હિન્દીમાં વાતચીત કરવાનો પ્રયાસ કરે છે. કેટલાકે તેમની સાથે વાતચીત કરવા માટે હિન્દી ભાષી નિષ્ણાતોને પણ રાખ્યા છે. હિન્દી પ્રત્યે સ્ટાલિનનો વિરોધ સફળ થશે નહીં કારણ કે તમિલનાડુના લોકો જાણે છે કે કેન્દ્ર સરકાર તમિલ ભાષાને પ્રોત્સાહન આપવા માટે તમિલ સંગમ જેવા કાર્યક્રમોનું આયોજન કેવી રીતે કરી રહી છે. એ જોઈને દુઃખ થાય છે કે જ્યારે કેન્દ્ર સરકાર ભાષાકીય એકતાને પ્રોત્સાહન આપવા માટે તમામ પ્રયાસો કરી રહી છે, ત્યારે દ્રસ્દ્ર નેતાઓ હિન્દી પ્રત્યે દુશ્મનાવટ દર્શાવીને બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્રીય એકતાની વિરુદ્ધ કાર્ય કરી રહ્યા છે.

ઈરાને ગુજરાત સહિત દેશ માટે મોકલ્યો સ્પેશિયલ મેસેજ

## વધુ એક ભારતીય LPG ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થયું

**ઈરાની કોન્સ્યુલેટે જણાવ્યું હતું કે ભારત અને ખાસ કરીને ગુજરાત આપણા સહિયારા ઈતિહાસમાં ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે, તેહરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. જો કે, તે ભારત સહિત મિત્ર દેશોના કેટલાક જહાજોને પસાર થવાની મંજૂરી આપી રહ્યું છે, જેના કારણે ઉર્જા સંકટ કંઈક અંશે હળવું થયું છે. અન્ય એક ભારતીય LPG ટેન્કર, ગ્રીન સાનવી, હોર્મુઝની સામુદ્રધુની પાર કરી ગયું છે. આ ટેન્કર ગુજરાતના એક બંદર પર પહોંચશે. ઈરાને આ અંગે એક ખાસ સંદેશ જાહેર કર્યો છે. મુંબઈમાં ઈરાની કોન્સ્યુલેટે જણાવ્યું હતું કે ભારત અને ખાસ કરીને ગુજરાત આપણા સહિયારા ઈતિહાસમાં ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીની એક પોસ્ટના જવાબમાં દૂતાવાસે આ લખ્યું હતું, જેમાં સંઘવીએ LPG ટેન્કરના પસાર થવાને ભારતીય રાજદ્વારીનો વિજય ગણાવ્યો હતો. હર્ષ સંઘવીએ એક્સ પર લખ્યું કે, "બીજું જહાજ." ભારતીય રાજદ્વારીનો બીજો વિજય. LPG કેરિયર ગ્રીન સવીએ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરી છે અને હવે તે ભારતમાં પોતાના ઘર તરફ પ્રયાણ કરી રહી છે. આના જવાબમાં, મુંબઈમાં ઈરાની કોન્સ્યુલેટે જણાવ્યું હતું કે, ભારત અને ખાસ કરીને ગુજરાત, આપણા સહિયારા ઈતિહાસમાં ખૂબ જ આદરણીય સ્થાન ધરાવે છે, કારણ કે સદીઓ પહેલા આપણે આપણી ભૂમિના લોકોનું ખૂબ જ આદર અને આતિથ્ય સાથે સ્વાગત કર્યું હતું. આ મજબૂત સભ્યતા સંબંધના આધારે, અમે મિત્રતા અને સહયોગના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ.

શનિવારે, સરકારે નાગરિકોને પેટ્રોલ, ડીઝલ અને LPGની ગભરાટમાં ખરીદી ટાળવા અપીલ કરી હતી. સરકારે જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે થયેલા વિક્ષેપો છતાં, ઈંધણનો પુરવઠો પૂરતો છે અને પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનો અને રસોઈ ગેસની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લેવામાં આવી રહ્યા છે. લોકોને ફક્ત સત્તાવાર માહિતી પર આધાર રાખવા અને ઊર્જા બચાવવાની સલાહ આપવામાં આવી છે. સરકારે ઘરેલું LPG અને પાઈપ રસોઈ ગેસ (PNG)ને પ્રાથમિકતા આપી છે, ખાસ કરીને ઘરો, હોસ્પિટલો અને આવશ્યક સેવાઓ માટે. માંગને સંતુલિત કરવા અને પુરવઠો વધારવા માટે, રિફાઈનરી ઉત્પાદન વધારવામાં આવ્યું છે અને ગેસ સિલિન્ડરો વચ્ચે રિફિલ અંતરાલ પણ લંબાવવામાં આવ્યા છે.

વર્ક પરમિટના નવા નિયમોએ ભારતીયોની ચિંતા વધારી

# કેનેડામાં નોકરી મળવી હવે પહાડ ચઢવા જેવું અઘરું!

**આ નવા નિયમો મુજબ હવે કંપનીઓએ વિદેશીઓને નોકરીએ રાખતા પહેલા કેનેડાના સ્થાનિક યુવાનોને તક આપવી પડશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા

કેનેડામાં વસવાટ કરવા અને ત્યાં નોકરી મેળવવા ઈચ્છતા ભારતીય યુવાનો માટે મોટા પડકારો સામે આવ્યા છે. કેનેડા સરકારે વિદેશી કામદારો માટેના ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ (TFWP) અને લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ (LMIA) ના નિયમોમાં આકરા ફેરફાર કર્યા છે. આ નવા નિયમો મુજબ હવે કંપનીઓએ વિદેશીઓને નોકરીએ રાખતા પહેલા કેનેડાના સ્થાનિક યુવાનોને તક આપવી પડશે અને વિદેશી લોકો માટે લાંબા સમય સુધી પ્રક્રિયા અટકાવી રાખવી પડશે, જેના કારણે ભારતથી કેનેડા જઈને નોકરી મેળવવા માંગતા લોકોને મોટો ઝટકો લાગી શકે છે. કેનેડાની નવી નીતિ અને તેની અસરો - કેનેડામાં જ્યારે પણ કોઈ કંપની વિદેશી કામદારને નોકરી પર રાખવા માંગે છે, ત્યારે તેણે એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ કેનેડા (ESDC) પાસેથી LMIA સર્ટિફિકેટ મેળવવું પડે છે. આ સર્ટિફિકેટ મેળવવા માટે કંપનીએ સાબિત કરવું પડે છે કે તેણે તે કામ માટે કેનેડિયન નાગરિકોને શોધવાના પૂરતા પ્રયાસો કર્યા હતા, પરંતુ કોઈ લાયક સ્થાનિક ઉમેદવાર મળ્યો નથી. અત્યાર સુધી કંપનીઓએ માત્ર ચાર અઠવાડિયા સુધી નોકરીની જાહેરાત આપવી પડતી હતી, પરંતુ હવે સરકારે આ સમયગાળો વધારીને આઠ અઠવાડિયા કરી દીધો છે. આનો અર્થ એ છે કે કંપનીએ બે મહિના સુધી સતત સ્થાનિક સ્તરે પ્રયાસો કરવા પડશે અને જો કોઈ કેનેડિયન ઉમેદવાર નહીં મળે, તો જ તેઓ વિદેશી કામદાર માટે અરજી કરી શકશે.

કેનેડાએ નિયમોમાં ફેરફાર કેમ કર્યા? - કેનેડા સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય હાલમાં દેશમાં વધી રહેલી બેરોજગારીને નાથવાનો અને ખાસ કરીને સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવાનો છે. નવી નીતિ મુજબ, કંપનીઓએ માત્ર લાંબા સમય સુધી જાહેરાત જ નથી આપવાની, પરંતુ તેમણે એ પણ સાબિત કરવું પડશે કે તેમણે કેનેડિયન યુવાનોને ભરતી કરવામાં ચોક્કસ પ્રાથમિકતા આપી છે. ESDC હવે ખૂબ જ કડક તપાસ બાદ જ LMIA જારી કરશે. જો કંપનીએ યુવાનો માટે ખાસ જોબ પોસ્ટિંગ ન કરી હોય અથવા સ્થાનિક ઉમેદવારોને નકારવા માટે યોગ્ય કારણો ન આપ્યા હોય, તો તેમનું LMIA સર્ટિફિકેટ રદ થઈ શકે છે. આ ફેરફારને કારણે હવે કંપનીઓ માટે વિદેશી કામદારોને નોકરી પર રાખવું ઘણું જટિલ અને સમય માંગી લેતું બની જશે. જેની સીધી અસર ભારતીય લોકો પર પડશે. ભારતીયો માટે ઝટકો - આ નવા નિયમોની સૌથી વધુ માઠી અસર ભારતીય કામદારો પર પડવાની સંભાવના છે, જેઓ ખાસ કરીને હોટેલ, ટૂરિઝમ, રિટેલ અને એગ્રીકલ્ચર જેવા ક્ષેત્રોમાં કામ કરવા કેનેડા જાય છે. અગાઉ ચાર અઠવાડિયાના ટૂંકા ગાળામાં ઘણીવાર સ્થાનિક કામદારો મળતા નહોતા, જેના કારણે ભારતીયોને સરળતાથી વર્ક પરમિટ મળી જતી હતી. પરંતુ હવે આઠ અઠવાડિયાના લાંબા સમયગાળામાં કોઈ ને કોઈ સ્થાનિક બેરોજગાર યુવાન નોકરી માટે મળી જવાની શક્યતા વધી જાય છે. આનાથી તે ભારતીયો માટે તકો ઘટશે જેઓ ઓછી આવક વાળી અથવા સર્વિસ સેક્ટરની નોકરીઓ દ્વારા કેનેડામાં પ્રવેશ મેળવતા હતા. કેનેડાએ હવે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પહેલા સ્થાનિક નાગરિકો અને પછી જ વિદેશીઓનો નંબર આવશે.

હવે કેનેડા જવું જોઈએ કે નહીં? - કેનેડાની વર્ક પરમિટ મેળવવી હવે પહેલા જેટલી સરળ રહી નથી. બદલાતા ભૌગોલિક અને આર્થિક સમીકરણો વચ્ચે કેનેડા સરકારે વિદેશી કામદારો માટેના દ્વાર થોડા સાંકડા કર્યા છે. જેના લીધે નિષ્ણાતો સલાહ આપી રહ્યા છે કે, ભારતીયોએ હવે કેનેડા સિવાય બીજા દેશો તરફ પણ ધ્યાન આપવું જોઈએ, જેઓ સારી તકો આપતા હોય. આમ છતાં, જો કોઈ ભારતીય કેનેડા જવાનું વિચારી રહ્યું હોય તો તેણે હવે ઉચ્ચ કૌશલ્ય ધરાવતી નોકરીઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, કારણ કે સામાન્ય શ્રમબળ માટે ત્યાં સ્પર્ધા અને નિયમો બંને આકરા બન્યા છે.

CM ફડણવીસે આપ્યા તપાસના આદેશ

# અશોક ખરાતની કૉલ ડિટેલ લીક થતા મહારાષ્ટ્રમાં હડકંપ

**આ ઉપરાંત ED દ્વારા તેની સંપત્તિના તપાસ કરવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દુષ્કર્મના આરોપી ઢોંગી બાબા અશોક ખરાતની કૉલ ડિટેઈલ લીક થયા બાદ મહારાષ્ટ્રમાં હડકંપ મચી ગયો છે. આ મામલો સામે આવ્યા બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અશોક દેવેન્દ્ર ફડણવીસે તપાસના આદેશ આપ્યા છે.

ફડણવીસે નાસિકમાં મોટું નિવેદન આપતા કહ્યું છે કે, ખરાત કેસમાં લીક થયેલા કૉલ ડિટેલ રેકોર્ડ (CDR)ની તપાસ કરાવાશે અને દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે. આ ઉપરાંત એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ED) દ્વારા તેની સંપત્તિના તપાસ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિને તેની કૉલ ડિટેલ રેકોર્ડ મેળવવાનો અધિકાર નથી, માત્ર અધિકૃત એજન્સીઓઓ જ મેળવી શકશે. સીડીઆર લીક કેવી રીતે થઈ અને તેની પાછળ કોનો હાથ છે, તેની ઊંડાણપૂર્વક તપાસ કરાવાશે.

અશોક ખરાત અનેક હાઈપ્રોફાઈલ લોકો સાથે વાતચીત કરતો હતો. આ મામલે ત્યારે સામે આવ્યો છે, જ્યારે સામાજિક કાર્યકર અંજલિ દામણિયાએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અન્ય વરિષ્ઠ નેતાઓ પર ગંભીર આક્ષેપો કર્યા છે.

દામણિયાનો દાવો છે કે, દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા સ્વયંભૂ ધર્મગુરુ અશોક ખરાત સાથે રાજ્યના અનેક દિગ્ગજ નેતાઓ સંપર્કમાં હતા. તેમણે દાવો કર્યો હતો કે એકનાથ શિંદેના મોબાઈલ પરથી ખરાતને ૧૭ વખત કોલ કરવામાં આવ્યા હતા, જેમાંથી સૌથી લાંબી વાતચીત ૨૧ મિનિટ સુધી ચાલી હતી. આ ૧૭ કોલમાંથી ૧૦ ઈનકમિંગ અને ૭ આઉટગોઈંગ હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

આ વિવાદમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એનસીપી(NCP) નેતા રૂપાલી ચાકણકર અંગે થયો છે. અંજલિ દામણિયાએ કોલ ડિટેલ રેકોર્ડ(ઝહ્ઠઈ) સોશિયલ મીડિયા પર શેર કરતા આક્ષેપ કર્યો કે રૂપાલી ચાકણકરે ખરાત સાથે કુલ ૧૭૭ વખત વાત કરી છે, જેનો કુલ સમયગાળો ૩૩,૭૨૭ સેકન્ડ જેટલો થાય છે. એટલું જ નહીં, રૂપાલીની બહેન પ્રતિભાએ પણ ખરાતને ૨૩૬ કોલ કર્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ભાજપના મંત્રી ચંદ્રકાંત પાટીલ અને એનસીપીના પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરેએ પણ ખરાત સાથે ૮-૮ વખત ફોન પર વાત કરી હોવાના આક્ષેપ દામણિયાએ લગાવ્યા છે.

શિંદે મામલે ફડણવીસે કહ્યું કે, ‘આવા સંવેદનશીલ કેસોમાં માત્ર આરોપોના આધારે કાર્યવાહી ન કરી શકાય, તે માટે ચોક્કસ પુરાવા હોવા જરૂરી છે.

આ કેસમાં લગભગ ૧૨ કેસ નોંધાયા છે અને વિશેષ તપાસ ટીમ (SIT)ને સતત નવી માહિતીઓ મળી રહી છે. આ મામલે વધુમાં વધુ લોકો સામે આવીને માહિતી આપી રહ્યા છે. મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં કડકમાં કડક સજા સુનિશ્ચિત કરવામાં આવશે. કેટલાક લોકો આ કેસને રાજકીય રંગ આપવા માંગે છે, પરંતુ સરકાર આવા રંગને મહત્ત્વ નહીં આપે.’

## હાર્દિક પંડ્યા ૭ એપ્રિલે રાજસ્થાન સામેની મેચમાં વાપસી કરી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મુંબઈ ઈન્ડિયન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવીને IPL 2026ની પોતાના અભિયાનની શરૂઆત શાનદાર જીત સાથે કરી હતી. જોકે, ૪ એપ્રિલના રોજ અરુણ જેટલી સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સને દિલ્હી કેપિટલ્સ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. કેપ્ટન હાર્દિક પંડ્યાને આ મેચમાં બીમારીને કારણે આરામ આપવામાં આવ્યો હતો. ત્યારે દરેકના મનમાં એક પ્રશ્ન હતો કે હાર્દિક ક્યારે તેની ફિટનેસ પાછી મેળવશે ? હવે તેની હેલ્થ અંગે મોટી અપડેટ સામે આવી છે. મુંબઈ ઈન્ડિયન્સની આગામી મેચ ૭ એપ્રિલે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ સામે રમાશે. મીડિયા અહેવાલ મુજબ, હાર્દિક પંડ્યા ઈઈ સામેની મેચ પહેલા MI ટીમ સાથે ગુવાહાટી જવા રવાના થઈ ગયો છે. તે ટૂંક સમયમાં પ્રેક્ટિસ ફરી શરૂ કરવા માટે પણ તૈયાર છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે દિલ્હી કેપિટલ્સ સામેની મેચ દરમિયાન પંડ્યાની હાલત ગંભીર નહોતી, પરંતુ મુંબઈ ઈન્ડિયન્સ મેનેજમેન્ટ ટુર્નામેન્ટના પ્રારંભિક તબક્કા દરમિયાન કોઈ જોખમ લેવા માંગતું નહોતું. આ કારણોસર તેઓએ હાર્દિકને આરામ આપવાનું પસંદ કર્યું. પોતાની બીમારીને કારણે હાર્દિકે બે પ્રેક્ટિસ સેશન પણ ચૂકી ગયો હતો.

યુદ્ધ વચ્ચે ઈસ્લામાબાદમાં થશે શાંતિ મંત્રણા?

# ઈરાન તૈયાર પણ ઈઝરાયલે કહ્યું અમને પાકિસ્તાન પર ભરોસો નથી

**આ ઉપરાંત ઈરાનના વિદેશ મંત્રીએ પાકિસ્તાનમાં શાંતિ મંત્રણા ન કરવાના અહેવાલોને ફગાવી દીધા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

એકતરફ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૩૭ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે, તો બીજીતરફ શાંતિ મંત્રણાની પણ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે ઈરાને અમેરિકાની પોલ ખોલી છે, તો ઈઝરાયેલે શાંતિ મંત્રણાને લઈને પાકિસ્તાની ફજેતી કરી નાખી છે. આ ઉપરાંત ઈરાનના વિદેશ મંત્રીએ પાકિસ્તાનમાં શાંતિ મંત્રણા ન કરવાના અહેવાલોને ફગાવી દીધા છે.

યુદ્ધની સ્થિતિ અને પાકિસ્તાન દ્વારા મધ્યસ્થી કરવાની ઓફર મુદ્દે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી અને પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર વચ્ચે ફોન પર વાત થઈ છે. આ પહેલા ઈરાને અમેરિકાની પોલ ખોલી છે. અરાઘચીએ સ્પષ્ટ કહ્યું છે કે, ‘અમેરિકન મીડિયા ઈરાનના વલણને ખોટી રીતે ફેલાવી રહ્યો છે. ઈરાને મધ્યસ્થી કરવા માટે પાકિસ્તાનમાં જવાનો ક્યારેય ઈકાર કર્યો નથી.’ આ માટે તેમણે પાકિસ્તાનનો આભાર પણ માન્યો છે. પાકિસ્તાને ઈરાન-અમેરિકા વચ્ચે મધ્યસ્થી કરવાનો ૨૫ માર્ચે પ્રસ્તાવ મૂક્યો હતો. તે વખતે ઈરાનને પાકિસ્તાન પર ભરોસો ન હોવાનો અને પ્રસ્તાવ ઠુકરાવી દીધો હોવાના અહેવાલો સામે આવ્યા હતા. જોકે હવે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ પાકિસ્તાનમાં ન જવાના અહેવાલોને ફગાવી દીધા છે અને પાકિસ્તાનના પ્રયાસોની પ્રશંસા કરી છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, ઈરાન માત્ર શરતો મુજબ વાતચીત કરવા માંગે છે.

ઈરાનના વિદેશ મંત્રીએ પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર સાથે ફોન પર વાતચીત કરી છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે કહ્યું કે, બંને નેતાઓએ વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી છે અને આગામી સમયમાં પણ સંપર્ક જાળવી રાખવા સંમત થયા છે. ડારે તણાવ ઘટાડવા માટે પાકિસ્તાનના પ્રયાસો ફરી યાદ અપાવ્યા છે. ડારે કહ્યું કે, સમસ્યાનું સમાધાન માત્ર વાતચીત અને રાજદ્વારીથી જ થઈ શકે.

વાસ્તવમાં કેટાલ મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો હતો કે, ઈરાને છેલ્લી ઘડીએ ઈસ્લામાબાદમાં વાતચીત યોજવાનો ઈકાર કર્યો હતો. આ અહેવાલો સામે આવ્યા બાદ અરાઘચીએ સ્પષ્ટતા કરી છે. ઈશાક ડારે પણ અરાઘીચીનો આભાર માનીને કહ્યું કે, ‘તમારી સ્પષ્ટતા બદલ આભાર, આનાથી બંને દેશો વચ્ચે સકારાત્મક સંબંધો હોવાના સંકેત મળ્યા છે.’

બીજીતરફ ઈઝરાયલે પાકિસ્તાન પર વિશ્વાસ રાખવાનો અને તેના દ્વારા મધ્યસ્થી કરવાનો ઈક્રાર કરી દીધો છે. ભારત સ્થિત ઈઝરાયલના રાજદૂત રૂવેન અજારે કહ્યું કે, ‘તેમનો દેશ એવા કોઈપણ દેશ પર વિશ્વાસ નહીં મુકે, જેઓ સાથે તેના રાજદ્વારી સંબંધો નથી.

ઈઝરાયલ પોતાના નિર્ણય જાતે લે છે અને તે અમેરિકાના વલણ પર પણ વિશ્વાસ કરે છે.’ આમ એકતરફ ઈરાન અને પાકિસ્તાન વાતચીતથી સમાધાન કરવાના પ્રયાસો કરી રહ્યા છે, તો બીજીતરફ ઈઝરાયલે પાકિસ્તાન પર વિશ્વાસ ન હોવાનું કહેતા શાંતિ મંત્રણા જટિલ બની રહી છે.

## ધનબાદમાં ગેસ કટર સિલિન્ડર ફાટતા મોટી દુર્ઘટનાઃ શ્વાસ રુંધાતા ત્રણના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ધનબાદ

ઝારખંડના ધનબાદના મુનીડીહ સ્થિત CPP પ્લાન્ટમાં મધ્યરાત્રિએ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. ગેસ કટર સિલિન્ડર અચાનક જોરદાર ધડાકા સાથે ફાટતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ CISF જવાનો સહિત ડઝનબંધ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. ધડાકો એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ દૂર સુધી સંભળાયો હતો અને ઝેરી ગેસ ફેલાવાને કારણે લોકોના શ્વાસ રૂંધાવા લાગ્યા હતા.

ઘટના સમયે સ્થળ પર ૮ થી ૧૦ શ્રમિકો કામ કરી રહ્યા હતા. સિલિન્ડર ફાટતા જ તેમાંથી અતિશય વેગ સાથે ગેસ બહાર નીકળવા લાગ્યો હતો, જેના સંપર્કમાં આવતા શ્રમિકોની હાલત ગંભીર બની ગઈ હતી. ગંભીર રીતે અસરગ્રસ્ત થયેલા લોકોને તાત્કાલિક શહીદ નિર્મલ મહતો મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલખાતે ખસેડવામાં આવ્યા હતા.

સારવાર દરમિયાન સંજય યાદવ અને મોહમ્મદ અઝહરુદ્દીન સહિત કુલ ૩ વ્યક્તિઓના મોત નીપજ્યા છે, જ્યારે મોહમ્મદ ઈબ્રાહિમ અને મોહમ્મદ ઈમામુદ્દીન જેવી વ્યક્તિઓની હાલત હજુ પણ નાજુક જણાવવામાં આવી રહી છે.

મૃતક સંજય યાદવના પરિજનોએ જણાવ્યું કે, મોડી રાત્રે જ્યારે તે ઘરે પરત ફર્યા ત્યારે તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી અને મોઢામાંથી ફીણ નીકળી રહ્યા હતા. તેમણે માત્ર એટલું જ જણાવ્યું હતું કે ગેસ સિલિન્ડર ફાટ્યો છે. આ ઘટના બાદ પ્લાન્ટ અને આસપાસના વિસ્તારમાં ગભરાટનો માહોલ છે.

રાજ્ય સરકારનો મોટો નિર્ણય

# ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં હવે કેરોસીનનું પણ થશે વિતરણ

**દરેક તાલુકાના એક પેટ્રોલ પંપ પરથી મળશે કેરોસીન : પરિવાર દીઠ ૫ લિટર અને સંસ્થાઓને ૨૫ લિટર કેરોસીન અપાશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ઈરાન યુદ્ધને કારણે સમગ્ર દેશમાં LPG ની અછત ઉભી થઈ છે. રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં ગેસ પુરવઠાના વિકલ્પ તરીકે કેરોસીનનું વિતરણ કરવાનો નિર્ણય લીધો છે. ત્યારે ગુજરાત રાજ્યમાં કેરોસીન ફાળવણી અને વિતરણ અંગેની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારની સૂચનાનુસાર રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં LPG ઉપરાંત કેરોસીનના વિતરણની વધારાની વ્યવસ્થા કેરોસીન ડીલર એસોસિયેશન તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે ગોઠવવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યને કુલ 1452 KL કેરોસીન ફાળવવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં 36 KL કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે.

આ કેરોસીનનું વિતરણ ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવશે જેમાં પરિવાર દીઠ ૫ લિટર તથા સંસ્થાઓ દીઠ ૨૫ લિટર વિતરણ કરવામાં આવશે. જે પૈકી મોટા પરિવારો તથા મોટી સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

આ કેરોસીનનો ઉપયોગ ફક્ત રાંધવા માટે તેમજ પ્રકાશની વ્યવસ્થા કરવા માટે કરી શકાશે. કેરોસીન ફાળવણી માટેની અરજીઓ સ્વીકારવા માટે NIC દ્વારા ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે.

સ્ટોરેજ ડેપોઃ રાજ્યમાં કેરોસીન સંગ્રહ માટે બરોડા અને પાલનપુર ખાતે ૨ સ્ટોરેજ ડેપો નિયત કરવામાં આવ્યા છે.

વિતરણ કેન્દ્રોઃ દરેક તાલુકામાં એક પેટ્રોલપંપ પરથી કેરોસીન વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા સ્તરે ઓછામાં ઓછા ૧૨૦૦૦ લિટર કેરોસીનની (૧ ટેન્કર લોડ) ઓનલાઈન માંગણી મળેથી તાત્કાલિક કેરોસીનનું વિતરણ દરેક તાલુકાના એક પેટ્રોલ પંપ પરથી કરવામાં આવશે.

ભાવ નિર્ધારણઃ ટ્રાન્સપોર્ટ તથા બીજા ખર્ચને ધ્યાનમાં લઈને કેરોસીનની ભાવ બાંધણી કરવામાં આવેલ છે. જે પ્રતિ લીટર ૬૧.૪૦ થી ૬૬.૧૪ વચ્ચે નિયત કરેલ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈ ગુજરાત પોલીસ એકશન મોડમાં: ચુંટણી પુરી ન થાય ત્યાં સુધી ૧.૨૫ લાખ પોલીસ કર્મીઓની રજા રદ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈને રાજકીય ગરમાવો તો છે જ, પરંતુ હવે વહિવટી તંત્ર અને પોલીસ વિભાગ પણ સંપૂર્ણ એકશન મોડ માં આવી ગયા છે.



રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતોની ચુંટણીઓ સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે રાજયભરના સવા લાખ જેટલા પોલીસકર્મીઓની રજાઓ તાત્કાલીક અસરથી રદ કરી દેવામાં આવી છે.

રાજયમાં ચુંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ અનિચ્છિનિય બનાવ ન બને તે માટે જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, ચુંટણીપંચ અને પોલીસ વિભાગના આંકડાઓ મુજબ રાજયમાં કુલ ૪૮,૫૯૧ મતદાન બુથો ઉભા કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૧ હજાર જેટલા સંવેદનશીલ બુથો પર ચાંપતી નજર રાખવામાં આવશે, આ સાથે જ ૪.૧૯ કરોડ મતદારો સુરક્ષિત રીતે મતદાન કરી શકે તે માટે ૧.૨૫ લાખ પોલીસ જવાનો, હોમગાર્ડસ, ટ્રાફીક બ્રિગેડ અને અર્ધ લશ્કરી દળો (પેરા મીલીટ્રી ફોર્સ ) નો મોટો સુરક્ષા કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. અતિ સંવેદનશીલ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે ખાસ પેરા મીલીટ્રી ફોર્સ ને તૈનાત કરવામાં આવશે,

ચુંટણીની જાહેરાત થતા જ પોલીસ વિભાગ માટે આકરી કસોટી શરૂ થઈ ગઈ છે. આખો એપ્રિલ મહિનો પોલીસ કાફલાએ ૨૪ કલાક સ્ટેન્ડ ટુ (ખડેપગે) રહેવુ પડશે. પોલીસની જવાબદારી માત્ર મતદાન મથકો પુરતી સીમીત નથી, પરંતુ ઈવીએમ મશીનોના સ્ટ્રોંગ રૂમની સુરક્ષા અને ડીસ્પેચ-રીસીવીંગ સેન્ટરો પર પણ લોખંડી બંદોબસ્ત ગોઠવવાનુ આયોજન કરાયુ છે. પોલીસ જવાનો દિવસ -રાત ફરજ બજાવતા હોવાથી તેઓ પોતાના લોકશાહીના અધિકાર થી વંચિત ન રહી જાય, તેની પણ વિશેષ તકેદારી ચુંટણીપંચે રાખી છે. બંદોબસ્તમાં રોકાયેલા તમામ જવાનો પોસ્ટલ બેલેટ (ટપાલ મતપત્ર) દ્વારા મતદાન કરી શકે તે માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અને હાલમાં તેમની વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. વૈશ્વિક અને સ્થાનિક તણાવ વચ્ચે ગુજરાતના ૪.૧૯ કરોડ મતદારો નિર્ભયપણે અને શાંતિપુર્ણ રીતે મતદાન કરી શકે તે માટે ગુજરાત પોલીસ કટીબધ્ધ છે.

# ગુજરાતની સરકારી શાળાઓમાં ૧૧ હજાર શિક્ષકોની ભરતીઃ ૧૫ એપ્રિલથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સરકારી શિક્ષક બનવાની રાહ જોઈ રહ્યા છો તો તમારા માટે વર્ષ ૨૦૨૬ ના સૌથી મોટા અને ઉત્સાહજનક સમાચાર છે. ગુજરાત શિક્ષણ વિભાગે રાજયની સરકારી શાળાઓમાં શિક્ષકોની ભારે અછતને દુર કરવા માટે એક વિશાળ ભરતી અભિયાનનુ બ્યુગલ ફુંકયુ છે. આ અભિયાન હેઠળ અંદાજે ૧૧ હજાર પ્રાથમિક શિક્ષકોના પદો ભરવામાં આવશે.



આ ભરતી માત્ર તે હજારો યુવાનો માટે રોજગારીની સુવર્ણ તક નથી, જેઓ લાંબા સમયથી નોટીફીકેશનની રાહ જોઈ રહ્યા હતા પરંતુ તે રાજયની પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થાને મજબુત કરવાની દિશામાં એક ઐતિહાસિક પગલુ પણ છે. આ ભરતી સાથે જોડાયેલી કેટલીક વિગતો સરકારે પ્રસિધ્ધ કરી છે. ગુજરાત શિક્ષણ વિભાગે આ ભરતીને જિલ્લા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ દ્વારા પૂર્ણ કરવાનો નિર્ણય લીધો છે. ૧૧ હજાર પદોના આ વિશાળ આંકડો બે ભાગમાં વહેંચાયેલો છે. અંદાજે ૫ હજાર પદો એવા છે જે વર્ષ ૨૦૨૫ થી ખાલી પડયા હતા અને જેના પર ભરતી થવાની બાકી હતી. જયારે નવા મંજુર થયેલા પદોમાં, રાજય સરકારે ૨૦૨૬ ની શૈક્ષણિક જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને ૬ હજાર નવા પદોને મંજુરી આપી છે. આ ભરતી મુખ્યત્વે ગુજરાતી માધ્યમની સરકારી શાળાઓ માટે કરવામાં આવી રહી છે. પસંદગી પામેલા શિક્ષકોને ધોરણ ૧ થી ૫ ના નાના વિદ્યાર્થીઓને ભણાવવાની જવાબદારી સોંપવામાં આવશે. ભરતી માટે પાત્રતાના માપદંડો અંગે વિભાગે ખુબ જ સ્પષ્ટ સુચનાઓ જારી કરી છે. જેમાં અરજી કરવાના સમયે લાયકાત પણ બતાડવી પડશે, જેમાં (૧) અરજી કરનાર ઉમેદવારે શિક્ષક પાત્રતા પરીક્ષા (ટેટ-૧) પાસ કરેલી હોવી અનિવાર્ય છે આના વગર અરજી સ્વીકારવામાં આવશે નહી (૨) છેલ્લા વરસના વિદ્યાર્થીઓને મોટી તક આપવામાં આવી છે, સરકારે એક ખુબ જ માનવીય અને પ્રગતિશીલ નિર્ણય લીધો છે. જે વિદ્યાર્થીઓ હાલમાં ડીપ્લોમાં ઈન એલિમેન્ટ્રી એજયુકેશન (ડીઈઆઈઈડી) ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે તેઓને પણ આ ભરતી માટે પાત્ર માનવામાં આવ્યા છે. આનો ઉદેશ એ છે કે વિદ્યાર્થીઓ પોતાની ડીગ્રી પુર્ણ કરતાની સાથે જ સીધી નોકરી મેળવી શકે અને તેમનો કિંમતી સમય બગડે નહી.

આ ભરતી અભિયાન માત્ર નવા ઉમેદવારો માટે જ નહી પરંતુ અગાઉથી કાર્યરત શિક્ષકો માટે પણ સારા સમાચાર લાવ્યુ છે. વિભાગે તે શિક્ષકોને ધ્યાનમાં રાખ્યા છે. જેઓ પોતાના વતનના જિલ્લામાં અથવા મનપસંદ સ્થળે બદલી ઈચ્છે છે. બદલીના ઈચ્છુક શિક્ષકો ૨૧ એપ્રિલ થી ૨૩ એપ્રિલ ૨૦૨૬ વચ્ચે ઓનલાઈન અરજી કરી શકશે. આ સુવિધા તે શિક્ષકો માટે હશે જેઓ હાલમાં જિલ્લા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હેઠળ કાર્યરત છે. ભરતી પ્રક્રિયાને સંપૂર્ણપણે ડીઝીટલ અને પારદર્શક બનાવવામાં આવી છે. જેથી કોઈપણ પ્રકારની ગેરરીતીની શકયતા ન રહે. ઉમેદવારો એ સમયનુ ખાસ ધ્યાન રાખવુ પડશે.

# ગુજરાતમાં ચુંટણી પહેલા વહિવટી તંત્રમાં મોટા ફેરફારો : ૩૪ નાયબ કલેકટર અને ૩૪ મામલતદારોની એક સામટે બદલીઓ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈને વહિવટી તંત્ર અત્યાર થી જ એકશન મોડ માં આવી ગયુ છે. રાજયની ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની ચુંટણીઓ એકદમ શાંતિપૂર્ણ અને સુચારૂ રીતે પાર પડે તે માટે રાજયના મહેસુલ વિભાગે એક મોટો નિર્ણય લીધો છે.



સરકારે તાત્કાલીક અસર થી ગુજરાત વહિવટી સેવા (ગેસ કેડર) ના વર્ગ -૧ ના ૩૪ અધિકારીઓ અને મામલતદાર વર્ગ -૨ ના ૩૪ અધિકારીઓની ચુંટણી કામગીરી માટે હંગામી ધોરણે બદલી અને નિમણુંક કરી દીધી છે. ગાંધીનગર સચિવાલય ખાતેથી સંયુકત સચિવ સચિન પટવર્ધન દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ તમામ ૬૮ અધિકારીઓને તેમના સંબંધિત જિલ્લાઓમાં કલેકટર કચેરી ખાતે ખાસ મંજુર કરાયેલા હંગામી મહેકમ પર નિમણુંક આપવામાં આવી છે. આમા સૌથી ખાસ વાત એ છે કે આ અધિકારીઓએ પોતાની હાલની ફરજ છોડવાની નથી, પરંતુ તેની સાથે સાથે આ નવી ચુંટણી કામગીરી નો વધારાનો હવાલો પણ સંભાળવાનો રહેશે, એકવાર આખી ચુંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે પૂર્ણ થઈ જાય એટલે આ તમામ અધિકારીઓએ ફરજીયાતપણે પોતાની મુળ જગ્યાએ પરત ફરવાનુ રહેશે. આ અંગેની નકલ રાજય ચુંટણી કમિશ્નર અને તમામ જિલ્લા કલેકટરોને મોકલી દેવાઈ છે.

| | |
|---|---|
| મહેન્દ્ર એમ દેસાઈ | અમરેલી |
| વી એ પંચાલ(નાયબ કલેકટર-૧) | આણંદ |
| વિકાસ રામબચનકુમાર | અરવલ્લી |
| મૌલિક જયેન્દ્રભાઈ દેસાઈ | બનાસકાંઠા |
| રાજેન્દ્રસિંહ વેલસિંહ ઠાકોર | બનાસકાંઠા(વાવ-થરાદ) |
| પ્રતિક કે જખેર | ભરૂચ |
| કુ.આર જી ઝાલા | ભાવનગર |
| કે જે વાઘેલા | બોટાદ |
| શુકલા યુ એસ | છોટા ઉદેપુર |
| કુ.હેતલ વસૈયા | દાહોદ |
| મેહુલ કે ખાંટ | ડાંગ |
| એ જે રાજપુત | દેવભુમિ દ્વારકા |
| જે એન પટેલ | ગાંધીનગર |
| કુ.જૈમિની એમ ગઢીયા | ગીર સોમનાથ |
| કુ. ડી એચ કોટક | જામનગર |
| નિકુંજ ડી ધુલા | જુનાગઢ |
| શ્રીમતી કુસુમ પ્રજાપતિ | ખેડા |
| વી એચ બરહટ | કચ્છ |
| કુ. એમ એસ માનત | મહિસાગર |
| અભિષેક પરમાર | મહેસાણા |
| શ્રીમતી રશ્મી જે રાજવધા | મોરબી |
| સી આર સુથાર | નર્મદા |
| કુ. પી એચ પટેલ | નવસારી |
| પી કે ડામોર | પંચમહાલ |
| પી વાય ગૌસ્વામી | પાટણ |
| મનહરભાઈ ડાહ્યાભાઈ દેસાઈ | પોરબંદર |
| રાજેશકુમાર ચૌહાણ | સાબરકાંઠા |
| એસ ડી શાહ | સુરેન્દ્રનગર |
| ધવલ વી માદત | તાપી |
| કુ.સુહાની આર કેલૈયા | વડોદરા |
| એચ જે સોલંકી | વલસાડ |
| દિગ્વિજય જોગીયા (સ્પીપા નાયબ નિયામક) | અમદાવાદ |
| સુશીલ પરમાર (જિલ્લા પુરવઠા અધિકારી) | રાજકોટ |
| કુ. કે એ વસાવા (સ્પીપા પ્રાદેશિક તાલીમ કેન્દ્ર) | સુરત |

● મામલતદાર કક્ષાના અધિકારી વર્ગ-૨ ●

| | |
|---|---|
| હિના વિનયકાંત શાહ | અમદાવાદ |
| વિશાલ ધિરજલાલ ત્રિવેદી | અમરેલી |
| ભાગીરસિંહ દિલીપસિંહ ચુડાસમા | આણંદ |
| મહેન્દ્રસિંહ રતસિંહ રાજપુત | અરવલ્લી |
| સંજયકુમાર રામાભાઈ વસાવા | ભરૂચ |
| શકિતસિંહ અશોકસિંહ ઝાલા | ભાવનગર |
| આકાશકુમાર મોહનભાઈ શ્રીમાળી | બનાસકાંઠા |
| હિતેન્દ્રકુમાર મસોતભાઈ ચૌધરી | બનાસકાંઠા(વાવ-થરાદ) |
| રામદેવસિંહ જોરસંગભાઈ ઉમટ | બોટાદ |
| શ્રીમતી નિતાબહેન મોહનલાલ સોયંતર | છોટા ઉદેપુર |
| હરેશકુમાર હીરાલાલ પરમાર | દાહોદ |
| શ્રીમતી દિપિકા કાનજીભાઈ ચૌધરી | ડાંગ |
| મહાદેવભાઈ જાદવભાઈ નાકીયા | દેવભુમિ દ્વારકા |
| જયેશકુમાર વાલજીભાઈ ધોકીયા | ગીર સોમનાથ |
| અમરજીતસિંહ સંતોકસિંહ દિવાન | જામનગર |
| મધુસુદન જે પરમાર | કચ્છ |
| કુ . પી કે મોઢવાડીયા | મહિસાગર |
| દેવેનભાઈ હિરાભાઈ પટાદીયા | મહેસાણા |
| હરદિપસિંહ ભુપતસિંહ સોલંકી | નર્મદા |
| પ્રવિણકુમાર કીકુભાઈ પટેલ | નવસારી |
| સી બી પરમાર | પંચમહાલ |
| આઈ જી ઝાલા | પોરબંદર |
| કેતન એલ ચાવડા | રાજકોટ |
| મહાવીરસિંહ રમણસિંહ સોલંકી | સાબરકાંઠા |
| શ્રીમતી જયશ્રી જમુભાઈ વસાવા | સુરત |
| જય લીલારામ રાજવધા | સુરેન્દ્રનગર |
| શુભમસિંહ રામુસિંહ રાઠોડ | તાપી |
| અભિષેક પુનમચંદ પટેલ | વલસાડ |
| પરેશ અર્જુનભાઈ દેસાઈ | ગાંધીનગર |
| જીતેન્દ્ર બી ડાભી | જુનાગઢ |
| જયદીપ સુરેશભાઈ પટેલ | ખેડા |
| સલીમભાઈ એ દોડીયા | મોરબી |
| હરગોવિંદભાઈ જે પરમાર | પાટણ |
| મનોજકુમાર જયંતિલાલ પંચાલ | સુરત |

# સૌરાષ્ટ્રમાં કોંગ્રેસે ભાજપમાં પાડયુ ગાબડુંઃ ભાજપના વરસો જુના સાથી સુનીલ રાઠોડ કોંગ્રેસમાં જોડાયાઃ સુનીલ રાઠોડ સાથે ૧૨ ગામનુ જુથ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગીર સોમનાથની રાજનીતીમાં ચહલ પહલ તેજ બની છે. કોડીનાર ના ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસ ની બેઠક થી રાજકીય ગરમાવો આવ્યો છે. સીંધાજ ગામે કોંગ્રેસની મહત્વપૂર્વ બેઠક યોજાઈ હતી. જેમાં બેઠકમાં ભાજપના પૂર્વ સંસદીય સચિવ અને પૂર્વ ધારાસભ્ય જેઠાભાઈ સોલંકીએ કોંગ્રેસને ટેકો જાહેર કર્યો છે. આ સાથે જ ભાજપના દિગ્ગજ નેતા સુનીલ રાઠોડ સહિત તેમની ટીમ કોંગ્રેસમાં જોડાઈ છે. આ સાથે જ સ્થાનિક રાજકારણમાં નવા સમીકરણોની ચર્ચા તેજ બની છે. ત્યારે કોડીનાર તાલુકાની રાજનીતીમાં મોટા ફેરફારની સંભાવના જોવા મળી છે.




કોડીનારના પૂર્વ ધારાસભ્ય જેઠાભાઈ સોલંકીએ કોંગ્રેસના ઉમેદવાર ને ખુલ્લુ સમર્થન આપ્યુ હોવાનો દાવો કર્યો છે. ભાજપના વરસો જુના સાથી સુનીલ રાઠોડ વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા છે. સીંધાજ જિલ્લા પંચાયત બેઠક પરથી સુનીલ રાઠોડ કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરાયા છે. પુંજા વંશે કહ્યુ હતુ કે અમિત ચાવડાની મંજુરી બાદ સુનીલભાઈના નામ પર સત્તાવાર મહોર લગાડી દેવામાં આવી છે. સુનીલ રાઠોડ સાથે ૧૨ ગામડાઓનુ આખુ જુથ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયુ છે. કારોબારી ચેરમેન રહી ચુકેલા સુનીલ રાઠોડે કેસરીયો મુકી પંજો ધારણ કર્યો છે. તો બીજી તરફ જેઠાભાઈ સોલંકીએ સ્થાનિક સ્વરાજયની તમામ બેઠકો પર કોંગ્રેસને જીતાડવા હાકલ કરી છે .જોવાનસિંહભાઈ અને મયુરભાઈ વડનગર-સીંધાજ તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવાર બન્યા છે. ભાજપના પૂર્વ સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકી પણ હવે ટુંક સમયમાં કોગ્રેસમાં જોડાશે તેવો પુંજા વંશે દાવો કર્યો હતો.

જિલ્લા પંચાયતની પાંચ બેઠકો ઉપર કોંગ્રેસને જીતાડવા જેઠાભાઈએ રણનીતી ઘડી અને તેમાં સફર રહ્યા છે. કોડીનાર ભાજપના ગઢમાં એક સાથે હજારો કાર્યકરોએ પક્ષપલ્ટો કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજકીય મેદાનમાં ભાજપના દિગ્ગજ નેતાઓના પક્ષ ત્યાગ થી સમિકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે.

આજે રવિવારે કોડીનાર તાલુકાના સીંધાજ મુકામે સુનીલભાઈ રાઠોડના નિવાસસ્થાને કોડીનાર તાલુકાના પૂર્વ ધારાસભ્ય અને સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકી અને કોડીનાર તાલુકા ભાજપના સીંધાજ ગામના સદસ્ય સુનીલભાઈ રાઠોડ આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા છે અને કોંગ્રેસને સમર્થન આપ્યુ છે. આવનારા દિવસોમાં જે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજયની જે ચુંટણી આવી છે એમાં હાલ પુરતુ કોંગ્રેસ પાર્ટીના સમર્થનમાં આવ્યા છે. અને આગામી દિવસોમાં વિધિવત રીતે કોગ્રેસમાં જોડાશે.

સીંધાજ ગામે સુનીલ રાઠોડના નિવાસસ્થાને યોજાયેલી કોંગ્રેસ પક્ષની ચુંટણીલક્ષી બેઠકમાં આશરે ૧ હજાર થી વધુ લોકો એકત્ર થયા હતા. આ બેઠકમાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખ પુંજાભાઈ વંશ, તાલુકા પ્રમુખ પીન્ટુભાઈ બારડ,પ્રદેશના પુર્વ મહામંત્રી પ્રવિણસિંહ ઝાલા તેમજ કોડીનાર શહેર પ્રમુખ મહેંદી હસન નકવી સહિત મોટી સંખ્યામાં નેતાઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા.

### તંત્રની રહેમનજર હેઠળ રાજકીય બેનરો યથાવત

# છોટા ઉદેપુરઃ કવાંટમાં આદર્શ આચાર સંહિતાના ધજાગરા

### કવાંટ તાલુકાના મુખ્ય વિસ્તારો અને ગ્રામ પંચાયતની આસપાસ રાજકીય પાર્ટીઓના બેનરો જોવા મળી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટા ઉદેપુર

છોટા ઉદેપુર જિલ્લામાં ૩૨ જિલ્લા પંચાયત બેઠકો અને સાત તાલુકા પંચાયતોની ચૂંટણી જાહેર થતાની સાથે જ સમગ્ર જિલ્લામાં આદર્શ આચાર સંહિતા લાગુ કરી દેવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશ મુજબ જિલ્લા કલેક્ટરે કડક અમલવારી માટે સૂચનાઓ આપી હોવા છતાં, કવાંટ તાલુકામાં અધિકારીઓની ઉદાસીનતાને કારણે આચાર સંહિતા માત્ર કાગળ પર જ હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

મળતી માહિતી અનુસાર, ચૂંટણી પ્રક્રિયાને નિષ્પક્ષ બનાવવા માટે જિલ્લા કલેક્ટરે દરેક તાલુકા મથકે નોડલ અધિકારીઓની નિમણૂક કરી છે. આ અધિકારીઓની મુખ્ય જવાબદારી જાહેર સ્થળો પરથી રાજકીય પક્ષોના હોર્ડિંગ્સ, બેનરો અને ચિન્હો દૂર કરવાની હોય છે. તેમ છતાં, કવાંટ તાલુકાના મુખ્ય વિસ્તારો અને ગ્રામ પંચાયતની આસપાસ હજુ પણ રાજકીય પાર્ટીઓના બેનરો અને દિવાલો પર ચિતરાયેલા ચિન્હો જૈસે-થે સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.

સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે કે તાલુકા મથકના અધિકારીઓ પોતાની એસી કેબિનોમાંથી બહાર નીકળવાની તસ્દી લેતા નથી, જેના કારણે કવાંટના જાહેર માર્ગો પર આચાર સંહિતાનો ભંગ થતો હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

અધિકારીઓની આ નિષ્ક્રિયતાને કારણે વહીવટી તંત્રની કામગીરી નિષ્પક્ષ છે કે કેમ તે સામે પણ આંગળીઓ ચિંધાઈ રહી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, રેકોર્ડ પર બેનરો દૂર કર્યા હોવાના દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં કવાંટની ગલીઓમાં હજુ પણ રાજકીય પ્રચારના સાધનો ખડકાયેલા છે. આ બાબત સાબિત કરે છે કે જિલ્લા કલેક્ટરની કડક સૂચનાઓનું પાલન કરવામાં તાલુકા કક્ષાના અધિકારીઓ સાવ નિષ્ફળ રહ્યા છે અથવા તો જાણી જોઈને આંખ આડા કાન કરી રહ્યા છે.

હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ જિલ્લા ચૂંટણી તંત્ર કવાંટના જવાબદાર અધિકારીઓ સામે કેવા પગલાં ભરે છે અને ક્યારે આ રાજકીય પ્રચારના બેનરો દૂર કરવામાં આવે છે.

### ૨૪ સામે ફરિયાદ કરાઈ

# પ્રેમીનું યુવતીના પરિવારે અપહરણ કરી લઈ તાલિબાની સજા આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)વાવ

વાવ-થરાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે. મૈત્રી કરાર કરી સાથે રહેતા પ્રેમી પંખીડાઓને યુવતીના પરિજનોએ શોધી કાઢી, યુવકને ઢોર માર્યો હતો. જેમાં યુવકની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ભોગ બનનાર યુવક અને યુવતી મૈત્રી કરાર કરી અમદાવાદમાં સાથે રહેતા હતા. બીજી એપ્રિલ ૨૦૨૬ની રાત્રે યુવતીના પરિવારના સભ્યોએ કાવતરું રચી અમદાવાદમાં તેમના રૂમનો દરવાજો ખોલાવ્યો હતો. આરોપીઓએ યુવક પાસે રહેલા રોકડ, દસ્તાવેજો અને દાગીના લૂંટી લીધા બાદ બંનેનું કારમાં અપહરણ કર્યું હતું.

રસ્તામાં યુવતીને બીજી કારમાં બેસાડી અલગ કરી દેવામાં આવી હતી, જ્યારે યુવકને એક અવાવરુ જગ્યાએ લઈ જવામાં આવ્યો હતો. યુવક પર ગુજારવામાં આવેલી ક્રૂરતા રૂંવાડા ઊભા કરી દે તેવી છે. અજાણ્યા શખસોએ યુવકને પકડી રાખી તેના કપડાં ઉતારી નાખ્યા હતા. ત્યારબાદ યુવકના પ્રાઈવેટ પાર્ટમાં ટ્યુબ લગાવી અને ઈન્જેક્શનની સોય ભોંકી અસહ્ય પીડા આપી હતી. એટલું જ નહીં, યુવકના મોઢા અને આંખ પર કોઈ પ્રવાહીનો ફુવારો મારવામાં આવ્યો હતો. જ્યારે યુવકે બૂમાબૂમ કરી ત્યારે નાક પર ફેટ મારી તેને લોહીલુહાણ કરી દેવામાં આવ્યો હતો.

અત્યાચાર આટલેથી જ ન અટકતા, આરોપીઓ યુવકને એક વાડીમાં લઈ ગયા હતા. ત્યાં છરા વડે યુવકની પીઠ, કાન અને હાથ પર ઘા માર્યા હતા. ત્યારબાદ અન્ય શખસોએ પાઈપ અને પટ્ટા વડે આડેધડ માર મારી તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવકની હાલત અત્યંત નાજુક જણાતા તેને પ્રથમ થરાદ સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે પાલનપુર રીફર કરવામાં આવ્યો છે.

આ ચકચારી ઘટનાને પગલે થરાદ પોલીસ સ્ટેશનમાં કુલ ૨૪ શખસો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં ૧૨ શખસો નામજોગ છે અને અન્ય ૧૨ અજાણ્યા શખસો સામે અપહરણ, લૂંટ, આતંક મચાવવો અને જીવલેણ હુમલો કરવા જેવી વિવિધ કલમો હેઠળ તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે.

# મહેસાણામાં ફૂડ વિભાગના દરોડામાં મોટો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

બજારમાં હવે ખાવાપીવાની વસ્તુઓમાં ભેળસેળ એટલી હદે વધી ગઈ છે કે લોકોએ શું ખાવું અને શું ન ખાવું તે એક મોટો સવાલ બની ગયો છે. તાજેતરમાં જ બજારમાં નકલી પનીર વેચાતું હોવાના કિસ્સાઓ સામે આવ્યા હતા, ત્યારે હવે આપણા રોજિંદા ખોરાકમાં બારેમાસ વપરાતા દેશી ગોળમાં પણ મોટા પાયે ભેળસેળનો પર્દાફાશ થયો છે. મહેસાણામાં ફૂડ વિભાગે પાડેલા દરોડામાં જાણીતી બ્રાન્ડના ગોળમાં પ્રતિબંધિત સિન્થેટિક ફૂડ કલર મળી આવતા ખળભળાટ મચી ગયો છે. ફૂડ વિભાગે ટેસ્ટિંગમાં ૬ જેટલા સેમ્પલ ફેલ થતાં આ ગોળનું વેચાણ કરતી બે મોટી પેઢીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ચોક્કસ બાતમીના આધારે મહેસાણા જિલ્લાના ફૂડ અધિકારી વિપુલ ચૌધરી અને તેમની ટીમે શહેરમાં દેશી અને સફેદ ગોળના વેચાણને લઈને સઘન તપાસ હાથ ધરી હતી.

આ તપાસ દરમિયાન ટીમે ડેડિયાસણ GIDC માં આવેલી હરિકૃષ્ણ માર્કેટિંગ અને માલ ગોડાઉન રોડ પર રામકૃષ્ણ માર્કેટમાં આવેલી પટેલ સતીશકુમાર મોહનલાલ ની પેઢી પર અચાનક દરોડા પાડ્યા હતા.

આ દરોડા દરમિયાન લેવામાં આવેલા ગોળના સેમ્પલ લેબોરેટરીમાં ટેસ્ટિંગ માટે મોકલાયા હતા. જેમાંથી હરિકૃષ્ણ માર્કેટિંગમાંથી લેવાયેલા ૬ પૈકી ૪ નમૂના અને રામકૃષ્ણ માર્કેટની પેઢીમાંથી લેવાયેલા ૨ નમૂના ટેસ્ટમાં સદંતર નાપાસ જાહેર થયા છે.

સૌથી ચોંકાવનારી વાત એ છે કે, લોકો જે રસમલાઈ અને પોપટછાપ જેવી પ્રખ્યાત બ્રાન્ડનો ગોળ હોંશે હોંશે ખાય છે, તેમાં સ્વાસ્થ્યને ભારે નુકસાન પહોંચાડે તેવા અને સરકાર દ્વારા પ્રતિબંધિત કરાયેલા સિન્થેટિક ફૂડ કલર ની ભેળસેળ હોવાનું સામે આવ્યું છે. ગોળને આકર્ષક દેખાડવા માટે આ પ્રકારના કેમિકલયુક્ત કલરનો ઉપયોગ કરવામાં આવતો હતો.

લોકોના આરોગ્ય સાથે સીધા ચેડાં કરતા આ કાળાબજારિયાઓ સામે ફૂડ વિભાગે હવે લાલ આંખ કરી છે. ગોળમાં ઝેરી કલરની ભેળસેળનો આખો મામલો સામે આવતા, ફૂડ વિભાગે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તંત્ર દ્વારા શહેરમાં આ ભેળસેળયુક્ત ગોળનું મોટા પાયે વેચાણ કરતા આ બંને મુખ્ય ડિસ્ટ્રિબ્યુટર સામે કોર્ટમાં કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

# ચૂંટણી આવે એટલે મફતની લાલચો આપનારાઓ પર રોક કોણ લગાવશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં ચૂંટણીના પડઘમ વાગતાં જ શાસક અને વિપક્ષની બંને છાવણીઓના પક્ષો મતદારોને આકર્ષવા માટે જાહેરાતોનો મારો ચલાવે છે. આ સમયગાળા દરમ્યાન "મફત ભેટ" વહેંચવાની પ્રથા વધી રહી છે. થોડા સમય પહેલા બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા રાજય સરકારે "મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના" હેઠળ મહિલાઓના બેંક ખાતામાં રૂપિયા ૧૦,૦૦૦/- જમા કરાવ્યા હતા. તેવી જ રીતે પંજાબ સરકારે હવે "મુખ્યમંત્રી માવાં-ધિયાં સત્કાર યોજના" ને મંજૂરી આપી છે.

આ યોજના હેઠળ મહિલાઓને દર મહિને રૂપિયા ૧૦૦૦/- મળશે. જ્યારે અનુસુચિત જાતિની મહિલાઓને રૂપિયા ૧૫૦૦/- મળશે. ૨૦૨૨ ની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી ધ્વારા આ એક મુખ્ય વચન આપવામાં આવ્યું હતું. આ એ વચન છે જે હવે આગામી ચૂંટણી ચક્રના એક વર્ષ પહેલા અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. પરિણામે, એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે શું રાજય સરકારે આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મહિલાઓને આ "મફત ભેટ"આપી છે?

થોડા વર્ષો પહેલા શિવરાજસિંહ ચૌહાણ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેઓ "લાડલી બહેન" યોજના ચૂંટણી પૂર્વે લાવ્યા અને પછી પ્રચંડ બહુમતીથી જીતી ગયા હતા. ત્યારબાદથી વિવિધ રાજકીય પક્ષોને તો જાણે ચૂંટણીમાં જીતવાની નવી ફોર્મ્યુલા મળી ગઈ. ત્યારબાદ મહારાષ્ટ્રથી માંડીને જ્યાં જ્યાં પણ ચૂંટણી યોજાય છે ત્યા શાસકથી માંડીને વિરોધ પક્ષો પણ જાતજાતની મફતમાં લ્હાણીઓ કરવા લાગ્યા છે અને આ રેવડી કલ્ચરની સામે ખુદ સુપ્રીમ કોર્ટે પણ નારાજગી વ્યકત કરી છે.

પરંતુ રાજકીય પક્ષોમાં સરકારોમાં કોઈ સુધારો જોવા મળતો નથી. અને હાલમાં પણ આ પ્રવૃત્તિ ચાલુ જ છે. જેમાં હવે પંજાબ પણ જોડાઈ ગયું છે. એક બાજુ આપણા પ્રધાનમંત્રી રેવડી કલ્ચરની વાત કરી વિપક્ષોની મજાક ઉડાવતા હતા. એમની જ પાર્ટી એ બિહારથી લઈ મધ્યપ્રદેશની ચૂંટણીઓમા રેવડીઓ વહેંચી ને જ સત્તા હાંસલ કરી છે. જેને એમ કહેવાય કે હું કરું તો લીલા અને બીજા કરે તો ભવાઈ એવો ઘાટ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી પહેલા મતદારોને આકર્ષવા માટે દેશભરમાં સરકારી યોજનાઓ જે રીતે ઉતાવળમાં લાગુ કરવામાં આવે છે તેની વારંવાર ટીકા થઈ છે. અને પ્રશ્નો ઊભા થયા છે. મફત ભેટો વહેંચવાનો આ ટ્રેન્ડ રાજયની તિજોરી પર બોજો મૂકે છે. અને ગયા માસે આ જ મુદ્દાને સંબોધતા સુપ્રીમ કોર્ટે સખત નારાજગી વ્યકત કરી હતી અને અવલોકન કર્યું હતું કે જ્યારે ઘણી રાજય સરકારો પહેલેથી જ દેવામાં ડૂબેલી છે. છતાં તેઓ મફત ભેટો વહેંચવાનું કેમ ચાલુ રાખે છે?

આ છે આપણા લોકશાહી દેશની સચ્ચાઈ જ્યાં મતદારો ખરીદાય છે અને સરકારો બનાવાય છે ત્યારે પાયાની સુવિધાની વાત કરનારા વર્ગની જો પીપૂડી પણ ના વાગતી ત્યારે અન્યની તો વાત જ શું?

# સુરત RTO ધ્વારા એજન્ટો ને આડકતરી રીતે અપાયેલું પ્રજાને લૂંટવાનું લાયસન્સ?

## સરકારે ટુ વ્હીલર ની HSRP નંબર પ્લેટની જોડી (આગળ-પાછળ)નો ભાવ માત્ર રૂપિયા ૧૪૦ નક્કી કર્યો છે, જેના એજન્ટો રૂપિયા ૯૦૦ પડાવે છેઃ એ જ રીતે ફોર વ્હીલરની HSRP નંબર પ્લેટની જોડી (આગળ- પાછળ)નો ભાવ માત્ર રૂપિયા ૪૫૦ નક્કી કર્યો છે, જેના એજન્ટો રૂપિયા ૧૫૦૦ પડાવે છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના RTO અધિકારી સુરતને દલાતરવાડીનું ખેતર સમજી બેઠા હોય એમ લાગે છે. કારણ અત્યાર સુધી HSRP નંબર પ્લેટો બનાવવાનું કામ RTO ઓફિસનું હતું. જે જનતા ને એટલકે વાહન ચાલકો ને ટુ વ્હીલર હોય તો જોડી ના રૂપિયા ૧૪૦ બનતી હતી આને ફોર વ્હીલર હોય તો જોડી રૂપિયા ૪૫૦ માં બનતી હતી.

હવે આ કામ RTO એ બંધ કરી ને એજન્ટો ને HSRP (હાઈસિક્યુરિટી રજીસ્ટ્રેશન પ્લેટ)ની નંબર પ્લેટો બનાવવાની પરમીશન આપતા જ એજન્ટો મોંઘવારીમાં જાણે કે પડતાં પર પાટુ મારતા હોય એમ ટુ વ્હીલરો અને ફોર વ્હીલરોના ચાલકો પાસે અનુક્રમે રૂપિયા ૯૦૦ અને રૂપિયા ૧૫૦૦ પડાવી રીતસર લૂંટ ચલાવી રહ્યા છે?

ત્યારે અહી સવાલ એ ઊઠે છે કે સરકાર જ્યારે અખબારી જાહેરાતો ધ્વારા જે રીતે HSRP નંબર પ્લેટોના સરકારી ભાવો જાહેર જનતા સમક્ષ રજૂ કરે છે. એનો તો છેદ જ ઊડી જાય છે. એ સરકારી જાહેરાતોમાં પ્રસિધ્ધ કરાયેલા સરકારી ભાવોનો વાહન ચાલકોને કોઈ લાભ જ મળતો નથી. ઉપરથી ચાર-ચાર ઘણા ભાવ લઈ ને એજન્ટો રીતસર સરકારની નિષ્ફળ કામગીરીનો નમૂનો જ પૂરો પાડી રહયા છે. જે અંગે RTO સહિત તમામ સરકારી તંત્ર ગુન્હાહિત મૌન ધારણ કરીને બેઠું હોય એમ લાગી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનિય છે કે RTO ધ્વારા કરાયેલું ફરમાન ટુ વ્હીલરોના શોરૂમો દરેક ગાડી ફરજિયાત નંબર પ્લેટવાળી જ હોવી જોઈએ એ ફરમાનથી ગંભીર સવાલએ ઊભો થાય છે કે શું RTO અને નંબર પ્લેટો બનાવનારાઓ ગાંધી વૈધનું સહિયારું જેવો ઘાટ તો નથી કરતાં ને?

# આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના જાહેરનામાની સાથે જ સમગ્ર રાજયમાં ચુંટણીનો ગરમાવો બનશે તેજ

## ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની કુલ ૧૦,૦૦૫ બેઠકો માટે જાહેરનામુ પ્રસિધ્ધ થશે




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ ગરમાયો છે. રાજયમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૧૦,૦૦૫ બેઠકો માટે આગામી ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાનાર છે. ચુંટણી પંચના આજના તારીખ ૬ એપ્રિલના જાહેરનામા બાદ સમગ્ર રાજયમાં ચુંટણીનો ગરમાવો જોવા મળશે. તો બીજી તરફ રાજકીય પક્ષોના નેતાઓ આજથી ચુંટણી પ્રચાર માં મોટી સંખ્યામાં જોતરાશે,

૧૧ એપ્રિલ ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ હોવાથી ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ની સાથે સાથે હવે એનસીપી અને અસદુદીન ઔવેસીની પાર્ટી એઆઈએમઆઈએમ પાર્ટીએ પણ ચુંટણીના જંગમાં ઝંપલાવ્યુ છે. આ પાંચેય રાજકીય પક્ષો વચ્ચે ઉમેદવારોની પસંદગીને લઈ ભારે ખેંચતાણ જોવા મળી રહી છે, તો બીજી તરફ કોંગ્રેસે આ વખતે અત્યંત સાવચેતી પૂર્વક સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી છે. પક્ષના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના માર્ગદર્શન હેઠળ આજે રવિવારે ૧૫ મહાનગરપાલિકા માટે ઉમેદવારોના નામની મોડી રાત્રે સત્તાવાર જાહેરાત થઈ શકે છે. સુત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ, સુરત અને રાજકોટ જેવી જુની ૬ મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસ પોતાના સીટીંગ કોર્પોરેટરો પર ફરી વિશ્વાસ મુકી શકે છે અને મોટાભાગનાને રીપીટ કરવાની શકયતા છે. તો બીજી તરફ રાજકોટમાં ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબા જાડેજા વોર્ડ નં. ૨ માં થી ચુંટણી લડે તેવી પ્રબળ શકયતા છે. આ ઉપરાંત રાજકોટમાં વશરામ સાગઠીયા, દિપ્તીબેન સોલંકી અને સંજય આજુડીયા જેવા નામો પણ ચર્ચામાં છે. પક્ષ પલ્ટાને રોકવા માટે કોંગ્રેસે આ વખતે ઉમેદવારો પાસેથી બાંહેધરીપત્રક પણ લેવાનુ શરૂ કર્યુ છે. કોંગ્રેસે આ વખતે જનતાના સુચનો ઉપર આધારીત મેનીફેસ્ટો તૈયાર કરી રહી છે. અમિત ચાવડાએ તમામ ૧૫ મનપાના પ્રમુખોને આગામી ૬ અને ૭ એપ્રિલના રોજ પ્રેસ કોન્ફરન્સ યોજી મેનીફેસ્ટો જાહેર કરવા સુચના આપી છે. આ કાર્યક્રમમાં ધારાસભ્યો અને પૂર્વ સાંસદોની હાજરી અનિવાર્ય રાખવામાં આવી છે. જેથી પક્ષની એકતાનો સંદેશ જનતા સુધી પહોચાડી શકાય, આ ચુંટણી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી પહેલાની સેમીફાઈનલ માનવામાં આવે છે. ખાસ કરીને ૯ નવી બનેલી મહાનગર પાલિકાઓમાં પ્રથમ વખત ચુંટણી યોજાઈ રહી હોવાથી તમામ પક્ષો પોતાની પુરી તાકાત લગાવી રહ્યા છે.

# સીનીયર ધારાસભ્ય યોગેશ પટેલનો હુંકારઃ બહાર થી કોઈ આવે તો આપણે લડવાનું વિરોધ કરવાનોઃ મોદીજીના નામ પર વોટ આપવો નહી ના બેનરથી હડકંપ




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીની તારીખો જાહેર થઈ છે. ત્યારે વડોદરા ભાજપમાં ભારેલા અગ્ની જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સીનીયર ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલે કાર્યકરોને સંબોધતા સમયે હુંકાર કર્યો હતો કે બહાર થી કોઈ આવે તો આપણે લડવાનુ અને વિરોધ કરવાનો છે. વાત આટલે જ અટકતી નથી, તો બીજી તરફ શહેરમાં મોદી તરફી અને ભાજપ વિરોધી બેનર લાગતા શહેર ભાજપમાં નજીકના સમયમાં ભડકો થાય તેવી સ્થિતિ નિર્માણ પામી રહી છે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારના ધારાસભ્ય યોગેશ પટેલે વોર્ડ નં. ૧૮ ના ચુંટણી કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યુ હતું. યોગેશ પટેલે જણાવ્યુ હતુ કે પક્ષ દ્વારા બહારના વ્યકિતને ટીકીટ આપવામાં આવશે તો તેનો વિરોધ કરવામાં આવશે, તેમણે ઉમેર્યુ હતુ કે વિસ્તારમાં વરસોથી કાર્યરત અને પક્ષ માટે કામ કરનારા સ્થાનિક કાર્યકરોને જ ટીકીટ આપવી જોઈએ, આ ઉપરાંત વડોદરા શહેરના વાસણા ભાયલી રોડ સહિતના વિસ્તારોમાં વિવાદીત બેનરો પણ લાગ્યા છે. આ બેનર કોને લગાવ્યા, તે તપાસનો વિષય છે, માંજલપુરના ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલે નામ લીધા વગર કહ્યુ હતુ કે ભાઈ તારા વિસ્તારમાં લડ ને અહીં શું છે ? અમારે બહુ કાર્યકરો છે, હાજર લોકોને જણાવ્યુ કે, બહાર થી કોઈ આવે તો આપણે બધાએ લડવાનુ છે, વિરોધ કરવાનો, જો ભાઈ મહેનત આપણે કરી છે, આપણે બધે ફર્યા છીએ, આપણે બસો ભરીને પહોચાડયા છે, પાર્ટીએ જે કહ્યુ છે તે બધુ આપણે કર્યુ છે, જેથી આપણને ચાન્સ મળવો જોઈએ, મને લોકોએ મત આપ્યા છે, લોકો થકી હું છું, લોકોના પ્રશ્નો ઉકેલવાની જવાબદારી ધારાસભ્યની છે, પાર્ટી જેને ટીકીટ આપે એને મારે જીતાડવાનો, બરાબર ને, એટલે મહેરબાની કરીને મારી સાથે કોઈ અબોલા ન કરતા, આ પાર્ટી નકકી કરે છે, મોદી જી નુ કામ દેશ ચલાવવાનુ છે, તમારો વિસ્તાર નહી, તો બીજી તરફ વડોદરા શહેરના વાસણા ભાયલી રોડ અને નિલમ્બર સર્કલ સહિતના સ્થળોએ વિવાદીત બેનરો લાગ્યા છે. જેમાં લખવામાં આવ્યુ છે કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં સ્થાનિકોને સ્થાન આપો, કયાં સુધી મોદીજીના નામ પર વોટ આપશો ? મોદીનીજી ના નામ પર વોટ આપવો નહી એમનુ કામ દેશ ચલાવવાનુ છે, નહી કે તમારો વિસ્તાર, સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ઉમેદવારને સ્થાન આપો, જય સરદાર, જય પાટીદાર.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં એનસીપીની એન્ટ્રીઃ તમામ બેઠકો ઉપર એનસીપી ચુંટણી લડશે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા રાજકીય જંગ વધુ રસપ્રદ બનતો જઈ રહ્યો છે. ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટકકર વચ્ચે હવે આમ આદમી પાર્ટી ઉપરાત હવે એનસીપીએ પણ આક્રમક રણનીતી અપનાવી છે. રાજયની તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોમાં પોતાના ઉમેદવારો ઉભા રાખવાનો નિર્ણય લઈને એનસીપીએ ગુજરાતની ચુંટણીમાં પોતાની હાજરી મજબુત બનાવવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાત એનસીપીએ આ વખતે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં સંપૂર્ણ શકિત સાથે ઉતરવાનો નિર્ણય લીધો છે. પાર્ટી રાજયની તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની બેઠકો ઉપર પોતાના ઉમેદવારો ઉભા રાખશે, આ નિર્ણય દર્શાવે છે કે એનસીપી હવે માત્ર સહયોગી પક્ષ તરીકે નહી પરંતુ સ્વતંત્ર રાજકીય શકિત તરીકે ઉભરી આવવાનો પ્રયાસ કરી રહી છે. અમદાવાદમાં જ એનસીપી તમામ ૪૮ વોર્ડ ની ૧૯૨ બેઠકો ઉપર પોતાના ઉમેદવારો ઉભા રાખશે, જે પાર્ટીના વિસ્તરણ માટે મહત્વપૂર્ણ પગલુ છે. ગુજરાત એનસીપીના પ્રદેશ પ્રમુખ નિકુલસિંહ તોમર અમદાવાદની કુબેરનગર બેઠક પરથી ચુંટણી લડશે. આ વખતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન માટેની ચુંટણીમાં ઉમેદવારી કરીને ગુજરાત એનસીપી ના પ્રદેશ પ્રમુખ નિકુલસિંહ તોમર પોતાની રાજકીય કારર્કિદીને આગળ ધપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો કે તેમની ઉમેદવારીને પાર્ટી માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન માનવામાં આવી રહ્યો છે. કારણ કે તેઓ રાજયમાં એનસીપીનો મુખ્ય ચહેરો છે, અગાઉ વિધાનસભા ચુંટણીમાં અમદાવાદની નરોડા બેઠક પર કોંગ્રેસ અને એનસીપી વચ્ચે સેટીંગ થયુ હતુ ત્યારે કોંગ્રેસે પોતાનો ઉમેદવાર ન ઉતારી એનસીપીના નિકુલસિંહ તોમરને ટેકો આપ્યો હતો. પરંતુ તે ચુંટણીમાં ભાજપના ઉમેદવાર ડો. પાયલ કુકરાણી સામે તોમરને મોટી હારનો સામનો કરવો પડયો હતો. હવે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં તેઓ ફરી એકવાર પોતાની રાજકીય જમીન મજબુત બનાવવા પ્રયાસ કરી રહ્યા છે.

આજે રવિવારે ઉમેદવારોની પસંદગીને લઈને પ્રદેશ પ્રમુખ નિકુલસિંહ તોમરની આગેવાનીમાં એનસીપીની બેઠક મળી હતી. જેમાં નકકી કરાયુ હતુ કે પાર્ટી દ્વારા અમદાવાદના ઉમેદવારોની પ્રથમ યાદી આજે સોમવારે જાહેર થવાની શકયતા છે. બાકીના જિલ્લાઓ અને શહેરોના ઉમેદવારોની યાદી ૮ એપ્રિલ થી તબકકાવાર જાહેર કરવામાં આવશે. આ રીતે એનસીપી આયોજનબધ્ધ રીતે સમગ્ર રાજયમાં પોતાની હાજરી નોંધાવવાનો પ્રયાસ કરી રહી છે. આજે રવિવારે અમદાવાદના મેઘાણીનગર ખાતે એનસીપી કાર્યાલયમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સુરત, વડોદરા અને દક્ષિણ ગુજરાતના ઉમેદવારો અંગે ચર્ચા કરવામાં આવી હતી. પાર્ટી સંગઠનને મજબુત બનાવવા માટે પ્રદેશ સ્તરે સતત બેઠક અને સંકલન કરવામાં આવી રહ્યુ છે. જે દર્શાવે છે કે એનસીપી ચુંટણીને ગંભીરતાથી લઈ રહી છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપ વોર્ડ દીઠ તૈયાર કરશે ૧૨ નામોની પેનલઃ ૧૨માંથી ૪ નામો અલગ અલગ કરવામાં આવશે




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના બ્યુગલ ફુંકાઈ ચુકયા છે, ત્યારે ભાજપે ઉમેદવારોની પસંદગી માટે ખાસ રણનીતી બનાવી છે. હાલમાં જ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે દરેક વોર્ડ માં ૪ ઉમેદવારો નકકી કરવા માટે ૧૨-૧૨ નામોની પેનલ તૈયાર કરવામાં આવશે. નિરીક્ષકો દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા બાદ આ નામોની પેનલ તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ પ્રદેશ કક્ષાએ ભાજપની ચુંટણી સમિતિ સાથે પરામર્સ કર્યા બાદ ભાજપની સંકલન સમિતિની બેઠકમાં ઉમેદવારોના નામો પર અંતિમ મહોર મારવામાં આવે છે.

આ રીતે પધ્ધતિસર ભાજપ દ્વારા ચુંટણીના ઉમેદવારો જાહેર કરવામાં આવે છે. અમદાવાદ , સુરત, રાજકોટ સહિત તમામ મહાનગર પાલિકાઓની ચુંટણીમાં આજ પ્રકારે ભાજપ દ્વારા વોર્ડ દીઠ ૧૨-૧૨ નામોની પેનલ તૈયાર કરી ત્યાર પછી તેમાંથી અંતિમ ૪-૪ નામો નકકી કરવામાં આવશે. વોર્ડ દીઠ ૧૨ નામોની પેનલ તૈયાર કરીને તેમાંથી અંતિમ ૪ ઉમેદવારો પસંદ કરવાની પધ્ધતિ ભાજપની ચુંટણી રણનીતીમાં એક મહત્વપૂર્ણ ફેરફાર દર્શાવે છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને ભાજપે ઉમેદવારો નકકી કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. અમદાવાદ મહાનગરપાલિકા માટે શહેર ભાજપે સંકલન સમિતિની બેઠક બોલાવી છે. જેમાં વિધાનસભા મુજબ આવતા વોર્ડ ના ઉમેદવારોના નામ નકકી કરવામાં આવી રહ્યા છે. આજે ૫ એપ્રિલે બીજા દિવસે પણ સંકલન સમિતિની બેઠક મળશે. જેમાં પશ્ચિમ વિસ્તારના નામો માટે ચર્ચા કરાશે. એક વોર્ડ માં ૧૨ નામની પેનલ તૈયાર કરાશે, તો બીજી તરફ આજે ૫ એપ્રિલ થી ભાજપે પ્રચારની શરૂઆત કરી દીધી છે અને ઘરે ઘરે પત્રિકા વિતરણ શરૂ કરાયુ છે.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર, ગુજરાતની જુની ૮ મહાનગરપાલિકાઓ પૈકી ગાંધીનગર અને જુનાગઢને બાદ કરતા આ ૬ જુની મહાનગરપાલિકા છે. જેમાં હાલ ચુંટણી યોજાવવાની છે. આ ઉપરાંત ૯ નવી મહાનગરપાલિકા માં પણ પહેલીવાર ચુંટણી યોજાવવાની છે. જુની જે ૬ મહાનગરપાલિકા છે જેમાં અમદાવાદ, રાજકોટ માં ૨૦ વરસથી અને સુરત, વડોદરા, ભાવનગર અને જામનગર માં ૩૦ વરસથી સત્તા મળી નથી. ૨૦૨૭ વિધાનસભા ની સેમીફાઈનલ ગણાતી ૨૦૨૬ ની ચુંટણીમાં જીત મેળવવાનો પાર્ટી માટે મોટો પડકાર રહેશે. જયારે ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ગુજરાતમાં મહેસાણા, ગાંધીધામ, વાપી, નવસારી, આણંદ, સુરેન્દ્રનગર, નડીયાદ, મોરબી અને પોરબંદર સહિત કુલ ૯ નવી મહાનગરપાલિકાઓને સરકારે મંજુરી આપી દીધી છે. આમ હાલ ગુજરાતમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ છે.

# અમદાવાદ કોર્પોરેશનની ચુંટણીમાં કોંગ્રેસની મુશ્કેલી વધીઃ કોંગ્રેસના પૂર્વ ઉમેદવારે રાજીનામુ આપી એઆઈએમઆઈએમ માં ઝંપલાવવાનુ નકકી કર્યુ




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પહેલા રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. જેમાં કોંગ્રેસના વરીષ્ઠ નેતા ઈકબાલ શેખે પક્ષની આંતરીક કામગીરી થી નારાજ થઈને ૩૫ વરસ જુનો સાથ છોડી રાજીનામુ ધરી દીધુ છે.

પક્ષના નેતૃત્વ સામે આકરા પ્રહારો કરતા તેમણે જણાવ્યુ હતુ કે હાલમાં પક્ષમાં સક્રિય નેતાઓને સંગઠન કરતા પોતાના અંગત જુથો ચલાવવામાં વધુ રસ છે અને મહેનતુ કાર્યકરોની કદર કરવામાં પક્ષ નિષ્ફળ નિવળ્યો છે.

ઈકબાલ શેખે માર્મિક ટકોર કરતા કહ્યુ હતું કે પક્ષને રેસ ના ઘોડા અને લગ્નના ઘોડા વચ્ચેનો તફાવત સમજાતો નથી, જેના કારણે વરસોથી વફાદાર રહેલા લોકોની અવગણના થઈ રહી છે, ભુતકાળમાં જયારે તેઓ અપક્ષ તરીકે લડયા ત્યારે તેમના પર ભાજપની બી ટીમ હોવાના આક્ષેપો પણ થયા હતા, પરંતુ ગોમતીપુરના નાગરીકોના મજબુત સમર્થન અને પોતાની વિચારધારા સાથે તેઓ અડગ રહ્યા હોવા છતાં અંતે પક્ષમાં થતી ઉપેક્ષાને કારણે તેમણે આ કઠોર નિર્ણય લેવો પડયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈ કાલ થી અસદુદીન ઔવેસીની પાર્ટી એઆઈએમઆઈએમએ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીઓમાં ઝંપલાવવાનુ શરૂ કર્યુ છે ત્યારે ઈકબાલ શેખ અસદુદીન ઔવેસીની પાર્ટી એઆઈએમઆઈએમમાં જોડાઈ કોર્પોરેશનની ચુંટણી લડે તો નવાઈ નહી.

# વાવ-થરાદ માં ગેનીબેનનો હુંકાર : કામ કર્યુ હોત તો કોંગ્રેસના લોકોને શોધવા ન પડત : ભાજપવાળા ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરો



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ઉમેદવારોની પસંદગી માટે રાજકીય પક્ષો દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા પુરજોશથી ચાલી રહી છે. ત્યારે વાવ-થરાદ માં ધરણીધર તાલુકામાં કોંગ્રેસના ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી.

આ પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે ભાજપ સામે આકરા પ્રહારો કર્યા હતા. ગેનીબેન ઠાકોરે અગાઉ પણ પોલીસ અને ચુંટણીપંચ ને નિષ્પક્ષ રહીને કામગીરી કરવા અપીલ કરી હતી.

વાવ-થરાદ ના ધરણીધર તાલુકામાં યોજાયેલી કોંગ્રેસની સેન્સ પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યુ હતુ કે ભાજપને ચુંટણી આવે એટલે વાયદા યાદ આવે છે. ૩૦ વરસથી સરકાર હોવા છતાં કોંગ્રેસના કાર્યકરોની જરૂર પડે છે, કામ કર્યુ હોત તો કોંગ્રેસના માણસોને શોધવા ન પડત, ભાજપવાળાએ ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવુ જોઈએ, તેમણે વધુમાં કહ્યુ હતુ કે મે મારા ધારાસભ્ય તરીકેના કાર્યકાળ માં ડામરના રોડ બનાવ્યા, હવે હું સાંસદ છું પણ છેલ્લા દોઢ વરસથી ભાજપની રનીંગ ધારાસભ્ય દેખાતા નથી, હું ગામડે ગામડે ફરીને લોકોને મળતી હતી, ગેનીબેન ઠાકોરે અગાઉ કહ્યુ હતુ કે ચુંટણીપંચ અને પોલીસ તટસ્થ રહીને કામગીરી કરે, કોંગ્રેસના ઉમેદવાર ને ડરાવી ધમકાવીને ફોર્મ પાછુ ખેંચાવવા પ્રયાસ થતા હોવાના ગેનીબેન ઠાકોરે આક્ષેપ કર્યા હતા. અમે ગાંધીવાદી છીએ, પરંતુ જો કોઈ છમકલુ કરશે તો તેની જ ભાષામાં જવાબ અપાશે. લોકસભાની જેમ જ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં પણ કોંગ્રેસનો ભવ્ય વિજય થશે.